BAOU
Education for All

# ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી

(ગુજરાત સરકાર દ્વારા સ્થાપિત)

પ્રથમ વર્ષ બી.એ. - ઈતિહાસ

પેપર - ૨

(મુખ્ય તથા ગૌણ)

**HISM / HISS-102**

## ગુજરાતનો ઈતિહાસ

(પ્રાગૈતિહાસિક યુગથી ઈ.સ.૧૩૦૪ સુધી)









# વિભાગ-૪ વાઘેલાયુગીન ગુજરાત

# સ્વાધ્યાયનું અજવાળું

ભારતના સંવિધાનના સર્જક, ભારતરત્ન ડૉ. બાબાસાહેબ આંબેડકરની પાવન સ્મૃતિમાં ગરવા ગુજરાતમાં ગુજરાત સરકારશ્રીએ ઈ.સ. ૧૯૯૪માં યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશન અને ડિસટન્સ એજ્યુકેશન કાઉન્સિલની માન્યતા મેળવી અમદાવાદમાં ગુજરાતના એકમાત્ર મુક્ત વિશ્વવિદ્યાલય ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીની સ્થાપના કરી છે.

ડૉ. બાબાસાહેબ આંબેડકરની ૧૨૫મી જન્મજયંતિના અવસરે જ ગુજરાત સરકાર દ્વારા યુનિવર્સિટી માટે અદ્યતન સગવડ સાથે, શાંત જગ્યા મેળવી, જ્યોતિર્મય પરિસરનું નિર્માણ કરી આપ્યું. BAOUના સત્તામંડળે પણ યુનિવર્સિટીના આગવા ભવિષ્ય માટે ખૂબ સહયોગ આપ્યો, આપતા રહે છે.

શિક્ષણ એટલે માનવમાં થતું મૂડીરોકાણ, શિક્ષણ લોકસમાજની ગુણવત્તા સુધારવામાં અધિક ફાળો આપી શકે છે. અહીં મને સ્વામી વિવેકાનંદનું શિક્ષણ વિષયક દર્શન યાદ આવે છે : 'જેનાથી ચારીત્ર્ય ઘડતર થાય, માનસિક ક્ષમતાનું નિર્માણ થાય, જેનાથી બૌદ્ધિક વિકાસ સાધી શકાય અને જેના થકી વ્યક્તિ પગભર બની શકે તેને શિક્ષણ કહેવાય.'

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી શિક્ષણમાં આવા ઉમદા વિચારને વરેલી છે. તેથી વિદ્યાર્થીઓને ગુણવત્તાયુક્ત, વ્યવસાયલક્ષી, જીવનલક્ષી, શિક્ષણની સગવડ ઘરે બેઠા મળી રહે એવા પ્રયત્નો મક્કમ બની કરે છે, બહોળા સમાજના લોકોને ઉચ્ચશિક્ષણ પ્રાપ્ત થાય, છેવાડાના માણસોને ઉત્તમ કેળવણી એમના રોજિંદા કામો કરતા પ્રાપ્ત થતી રહે. વ્યવસાયિક લોકોને આગળ ભણતરની ઉત્તમ તક સાંપડે અને જીવનમાં પોતાની ક્ષમતાઓ, કૌશલ્યોને પ્રગટ કરી સારી કારકિર્દી ઘડે, સ્વાવલંબી બની ઉત્તમ જીવન જીવતાં સમાજ અને રાષ્ટ્રનિર્માણમાં પોતાનું પ્રદાન આપે એ માટે પ્રયાસરત છે.

'સ્વાધ્યાય : પરમં તપઃ' સૂત્રને ઓપન યુનિવર્સિટીએ કેન્દ્રમાં રાખીને અહી પ્રવેશ કરતા છાત્રોને સ્વઅધ્યયન માટે સરળતાથી સમજાય એવો ગુણવત્તાલક્ષી શૈક્ષણિક અભ્યાસક્રમ ઉપલબ્ધ કરવી આપે છે. દરેક વિષયની પાયાની સમજણ મળે તેની કાળજી રાખવામાં આવે છે. વિદ્યાર્થીઓને રસ પડે અને રુચિ કેળવાય તેવા પાઠ્યપુસ્તકો નિષ્ણાંત અધ્યાપકો દ્વારા તૈયાર કરવામાં આવે છે. દૂરવર્તી શિક્ષણ પ્રાપ્ત કરવા ખેવના રાખતા કોઈ પણ ઉમરના છાત્રોને માટે અભ્યાસસામગ્રી તૈયાર કરી પુસ્તક સ્વરૂપે છાત્રોના કરકમળોમાં આપે છે. જેનો ઉપયોગ કરીને વિદ્યાર્થી સંતોષપ્રદ અનુભવ કરી શકે છે.

યુનિવર્સિટીના તજજ્ઞ અધ્યાપકો ખૂબ કાળજીથી આ અભ્યાસક્રમોનું લેખન કરે છે. વિષય નિષ્ણાત પ્રોફેસરો દ્વારા એમનું પરામર્શન થયા પછી જ પરિણામલક્ષી અભ્યાસ સામગ્રી યુનિવર્સિટીના વિદ્યાર્થીઓને 'સ્વાધ્યાય ટેલિવિઝન', સ્વાધ્યાય રેડિયો' જેવા દૂરવર્તી ઉપાદાનો થકી પણ એમના ઘરમાં શિક્ષણ પહોંચાડવાનો પુરુષાર્થ થઈ રહ્યો છે. ઉમદા હેતુ, શ્રેષ્ઠ ધ્યેયને આંબવા પરિશ્રમરત યુનિવર્સિટીના જ્ઞાનની પરબમાં અધ્યાપકો તેમજ કર્મઠ કર્મચારીગણને અભિનંદન અને અમારી યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ સફળ થવા ખૂબ મહેનત કરી, જીવન સફળ કરવાની સાથે જીવન સાર્થક કરે એવી પરમેશ્વરને પ્રાથના કરું છું.

**પ્રો.(ડૉ.) અમી ઉપાધ્યાય**

**કુલપતિ**

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, જ્યોતિર્મય પરિસર સરખેજ-ગાંધીનગર હાઈવે, છારોડી, અમદાવાદ.

| | |
|---|---|
| **સંપાદન:** | |
| પ્રો. ડૉ. અમી ઉપાધ્યાય | નિયામક, સ્કૂલ ઓફ હ્યુમિનિટીઝ એન્ડ સોશ્યલ સાયન્સિશ,<br>ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ. |
| ડૉ. સોનલ ચૌધરી | આસિસ્ટન્ટ પ્રોફેસર, ઈતિહાસ વિભાગ<br>ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી,અમદાવાદ. |
| **વિષય સમિતિ:** | |
| ડૉ. સોનલ ચૌધરી | આસિસ્ટન્ટ પ્રોફેસર, ઈતિહાસ વિભાગ<br>ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી,અમદાવાદ |
| ડૉ.અરુણ વાઘેલા | પ્રોફેસર અને અધ્યક્ષ , ઈતિહાસ વિભાગ , ગુજરાત યુનિવર્સીટી, અમદાવાદ. |
| ડૉ. લલિત પટેલ | પ્રિન્સીપાલ, શ્રી અને શ્રીમતી પી.કે. કોટાવાલા આર્ટસ કોલેજ, પાટણ |
| **પરામર્શન (વિષય):** | |
| ડૉ.અરુણ વાઘેલા | પ્રોફેસર અને અધ્યક્ષ ,ઈતિહાસ વિભાગ , ગુજરાત યુનિવર્સીટી, અમદાવાદ. |
| ડૉ. જગદિશ ચૌધરી | પ્રિન્સીપાલ, એસ. વી. આર્ટસ કોલેજ, અમદાવાદ. |
| ડૉ. અનસુયા ચોથાણી | પ્રોફેસર, ઈતિહાસ વિભાગ ,સૌરાષ્ટ્ર યુનિવર્સીટી, રાજકોટ. |
| **લેખન:** | |
| ડૉ. દિપક પટેલ | આસિસ્ટન્ટ પ્રોફેસર,ઈતિહાસ વિભાગ , જી.ડી.મોદી આર્ટસ કોલેજ, પાલનપુર |
| ડૉ. ચંદ્ર સી. ચૌધરી | આસિસ્ટન્ટ પ્રોફેસર, ઈતિહાસ વિભાગ,જેડ.એફ.વાડિયા વુમેન્સ કોલેજ એન્ડ<br>એન. કે. જોટા કોમર્સ કોલેજ ,સુરત. |
| **પરામર્શન (ભાષા) :** | |
| ડૉ. જીતલ રાઠોડ<br>ડૉ. જાગૃતિ મહેતા<br>ડૉ. દિનેશ ભદ્રેસરિયા | આસિસ્ટન્ટ પ્રોફેસર, ગુજરાતી, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી<br>આસિસ્ટન્ટ પ્રોફેસર, ગુજરાતી, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી<br>આસિસ્ટન્ટ પ્રોફેસર, ગુજરાતી, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી |

**પ્રકાશક:** ડૉ. ભાવિન ત્રિવેદી, કાર્યકારી કુલસચિવ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ.

Copyright © Dr. Babasaheb Ambedkar Open University – Ahmedabad. June 2020

This publiation is made available under a Creative Commons Attribution-NonCommercial-ShareAlike 4.0 International (CC BY-NC-SA 4.0) https://creativecommons.org/licenses/by-nc-sa/4.0/

**ISBN " 978-93-89909-07-4 "**

All rights reserved. No part of this work may be reproduced in any form, by mimeograph or any other means without permission in writing from Dr. Babasaheb Ambedkar Open University, Ahmedabad. While all efforts have been made by editors to check accuracy of the content, the representation of facts, principles, descriptions and methods are that of the respective module writers. Views expressed in the publication are that of the authors, and do not necessarily reflect the views of Dr. Babasaheb Ambedkar Open University. All products and services mentioned are owned by their respective copyrights holders, and mere presentation in the publication does not mean endorsement by Dr. Babasaheb Ambedkar Open University. Every effort has been made to acknowledge and attribute all sources of information used in preparation of this learning material. Readers are requested to kindly notify missing attribution, if any.

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી
(ગુજરાત સરકાર દ્વારા સ્થાપિત)

**HISM/HISS-102**

# ગુજરાતનો ઈતિહાસ
# (પ્રાગૈતિહાસિક યુગથી ઈ.સ.૧૩૦૪ સુધી)

વિભાગ-4

## વાઘેલાયુગીન ગુજરાત

એકમ-15

વસ્તુપાલ- તેજપાલનું વહીવટીતંત્ર અને સુધારા

એકમ-16

સોલંકી-વાઘેલા સમયની આર્થિક, સામાજિક સ્થિતિ અને સાંસ્કૃતિક સ્થિતિ

એકમ-17

કર્ણદેવ વાઘેલા અને સોલંકી-વાઘેલા રાજવંશની પડતી

## વિભાગ-4

## વાઘેલાયુગીન ગુજરાત

ગુજરાતનો ઇતિહાસ (પ્રાગૈતિહાસિકયુગ થી ઈ.સ. ૧૩૦૪ સુધી)નાં વિભાગ-4 "વાઘેલાયુગીન ગુજરાત" માં કુલ ત્રણ એકમોનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ વિભાગમાં ગુજરાતના ઈતિહાસમાં મહત્વનો ફાળો આપનાર વસ્તુપાલ-તેજપાલ, વાઘેલા વંશના છેલ્લા રાજા કર્ણદેવ વાઘેલા અને વાઘેલા વંશની પડતીને લગતી બાબતોની માહિતી આપવામાં આવેલી છે.

એકમ -15  વાઘેલા સમયના રાજાઓથી પણ વધારે પ્રસિધ્ધ એવા બે વણિક બંધુઓ વસ્તુપાલ અને તેજપાલ સોલંકી વાઘેલા કાલીન ગુજરાતમાં મહત્વનું સ્થાન ધરાવે છે. એ એકમમાં તેમના પ્રારંભિક જીવન, તેમના વિજયો તેમના દ્વારા કરવામાં આવેલા વહીવટીય સુધારા તથા સાહિત્ય, ધર્મ, શિલ્પ સ્થાપત્યક્ષેત્રે આપેલ તેમના પ્રદાનની વિગતો અહીં આવરિ લેવામાં આવિ છે.

એકમ-16  આ એકમમાં સોલંકી વાઘેલા સમયની વિવિધ સ્થિતિ વિશેની માહિતી આપવામાં આવેલી છે. સોલંકી વાઘેલા સમયમાં ગુજરાતમાં ખેતીવાડી, ઉદ્યોગ- ધંધા, વાહન વ્યવહાર, સીક્કાઓ વિનીમયના સાધનોમાંથી જોવા મળતી ગુજરાતની સમૃદ્ધિ અને આર્થિક સ્થિતિની વાત, સોલંકી વાઘેલા સમયની વર્ગ- જ્ઞાતિ અને બીજી અનેક બાબતોથી લોકોની સામાજિક, સાંસ્કૃતિક તથા ધાર્મિક  સ્થિતિની અહીં વિસ્તૃત રીતે માહિતી આપવામાં આવેલી છે.

એકમ-17  આ એકમ આ પેપર માટે અને ગુજરાતના ઈતિહાસમાં ખુબ જ અગત્યતતા ધરાવે છે. આ એકમમાં વાઘેલા વંશના છેલ્લા રાજ કર્ણદેવ વાઘેલા, એના સમયમાં ગુજરાતમાં સોલંકી-વાઘેલા રાજવંશની પડતીની સાથે સાથે ગુજરાતની સ્વતંત્રતા, ગુજરાતની અસ્મિતા, ગુજરાત સમૃદ્ધિની, ગુજરાતનાં ગૌરવનો અંત અને ગુજરાત પર મુસ્લિમોએ મેળવેલ વિજયોનો ઉલ્લેખ કરવામાં આવેલ છે.

| એકમ- 15 | સોલંકી વાઘેલા કાલીન ગુજરાત વસ્તુપાલ અને તેજપાલનું વહીવટીતંત્ર અને સુધારા |
|---|---|

**રૂપરેખા**

15.0 ઉદ્દેશો
15.1 પ્રસ્તાવના
15.2 પ્રારંભિક જીવન
15.3 રાજકીય કારકિર્દીની શરૂઆત
15.4 વસ્તુપાલ-તેજપાલના વિજયો
15.5 વહીવટીતંત્ર-સુધારા
15.6 સાહિત્યસર્જન માટે પ્રેરક અને પોષક વસ્તુપાલ
15.7 વસ્તુપાલનું સાહિત્યક્ષેત્રે પ્રદાન
15.8 વસ્તુપાલની ધાર્મિકનીતિ
15.9 વસ્તુપાલ-તેજપાલનું શિલ્પ-સ્થાપત્યક્ષેત્રે પ્રદાન
15.10 વસ્તુપાલ-તેજપાલનું ગુજરાતના ઇતિહાસમાં સ્થાન
❖ તમારી પ્રગતિ ચકાસો
15.11 સારાંશ
15.12 શબ્દાવલી
15.13 તમારી પ્રગતિ ચકાસોના જવાબો
15.14 સંદર્ભગ્રંથો

## 15.0 ઉદ્દેશો :

સોલંકી વાઘેલા કાલીન ગુજરાત . આ એકમમાં આપણે વસ્તુપાલ-તેજપાલનું વહીવટીતંત્ર અને સુધારા અંગે શીખીશું. આ એકમ વાંચ્યા બાદ તમે તે જાણી શકશો કે ,

- વસ્તુપાલ અને તેજપાલના વહીવટી સુધારા
- તેમને સાહિત્યિક પ્રવૃતિઓને આપેલું પ્રોત્સાહન
- તેમની ધર્મ સહિષ્ણુતા
- તેમનો કલાપ્રેમ- ધર્મસ્થાનોના બાંધકામો

## 15.1 પ્રસ્તાવના :-

ગુજરાતના મધ્યકાલીન ઇતિહાસમાં સિદ્ધરાજ અને કુમારપાળ જેવા યશસ્વી કારકિર્દીવાળા રાજવીઓને બાદ કરતા રાજકીય , સાંસ્કૃતિક અને ધાર્મિક ક્ષેત્રે જો સ્વતંત્ર રીતે કોઈનો પણ સૌથી વધારે નોંધપાત્ર ફાળો હોય તો તે વસ્તુપાલ-તેજપાલનો છે. આ વણિકબંધુઓએ આપબળે પોતાની બુધ્ધિ પ્રતિભાથી આગળ આવીને પોતાનું અને સમગ્ર ગુજરાતનું નામ રોશન કર્યું એમ કહી શકાય. તેઓમાં આપણને એકસાથે વીરત્વપૂર્ણ પૌરુષતા, કુશળ વહીવટકર્તા, ગણતરીબાજ અને કરકસરવાળા વ્યાપારી , સાહિત્યકલાને ઉત્તેજન આપનાર દાનવીર , ઊંડી શ્રધ્ધા અને ધર્મભક્તિ ધરાવનાર ધર્મવીરોના દર્શન થાય છે. ગુજરાત આજે પણ પોતાના આ સુપુત્રો માટે ગૌરવ અનુભવે છે.

### 15.2 પ્રારંભિક જીવન :-

વાઘેલા સમયની સૌથી સમર્થ, ચિરસ્મરણીય અને રાજાથી પણ વધારે પ્રસિધ્ધ વ્યક્તિઓ વસ્તુપાલ અને તેજપાલ હતા. તેઓ અણહિલવાડ પાટણના પોરવાડ જ્ઞાતિના એક સમૃધ્ધ કુટુંબમાં જન્મ્યા હતા. તેમના આશ્રિત કવિઓ સોમેશ્વર અને અરીસિંહે આપેલી માહિતીના આધારે તેમના કુળ વિશે જાણકારી મળે છે. વસ્તુપાલના કુળનો વૃતાંત મૂળ પુરુષ ચંડપથી થાય છે. ચંડપ ગુર્જર રાજ્યમાં મંત્રી પદે હતો. ચંડપ પછી થયેલા પુરુષો ચંડપ્રસાદ, સોમ, અશ્વરાજ વગેરે પણ ગુર્જર રાજ્યમાં મહત્વનું સ્થાન ધરાવતા હતા. સોમેશ્વર રચિત " કીર્તિકૌમુદી " માં જણાવ્યું છે કે ચંડપ્રસાદ મંત્રી હતો, સોમ સિદ્ધરાજના સમયનો ખજાનચી હતો. તથા અશ્વરાજ પણ મંત્રી પદે હતો, તેની પત્નીનું નામ કુમારદેવી હતું. આ કુમારદેવી વિધવા હતી. અશ્વરાજે આચાર્યશ્રી હરીભદ્રસૂરીની આગમવાણી સાંભળી તેની સાથે પુર્નલગ્ન કર્યું હતું. આ કુમારદેવીથી તેને ચાર પુત્રો અને સાત પુત્રીઓ થઈ હતી. લૂણિગ, મલ્લદેવ, વસ્તુપાલ અને તેજપાલ. આ ચાર પુત્રોમાંથી લૂણિગ અને મલ્લદેવ મૃત્યુ પામ્યા.

વસ્તુપાલના જન્મ વિશે કોઈ ચોક્કસ માહિતી મળતી નથી, પણ રાજકોટના વોટસન મ્યુઝિયમમાં સચવાલાયેલ એક લેખમાં લખ્યું છે કે 'વસ્તુપાલ અને તેજપાલે પોતાના પિતા સાથે વિ.સં ૧૨૪૯ (ઈ.સ. ૧૧૯૨-૯૩) માં શત્રુંજયની યાત્રા કરી હતી'. એમ હોય તો વસ્તુપાલ તેજપાલનો જન્મ ૧૨૪૯ (ઈ.સ. ૧૧૯૨-૯૩) પહેલા થોડાક વર્ષો ઉપર જ થયો હોવાનું સંભવિત છે. ડૉ. ધારૈયાના મતે સંભવ છે કે આ બંને ભાઈઓ ઈ.સ ૧૧૮૫-૮૬ આસપાસ જન્મ્યા હોય.

### 15.3 રાજકીય કારકિર્દીની શરૂઆત :-

વસ્તુપાલ અને તેજપાલે પોતાનું બાળપણ પિતા સાથે સંહાલકપુરમાં વિતાવ્યું હતું. આ ગામ અશ્વરાજને ચૌલુક્ય રાજવી તરફથી એની સેવાના બદલામાં આપવામાં આવ્યું હતું. આ ગામ કયા રાજવી તરફથી કઈ સેવાના બદલામાં આપ્યું તે જાણવા મળતું નથી. અશ્વરાજના મૃત્યુ બાદ કુમારદેવી પોતાના સર્વે બાળકોને લઇ મંડલી ( વિરમગામ પાસેનું હાલનું માંડલ ) રહેવા ચાલી ગઈ. માતાના અવસાન બાદ વસ્તુપાલ-તેજપાલ પણ પોતાના પૂર્વજોની માફક સોલંકી

રાજની સેવામાં રહ્યા. પ્રબંધ ચિંતામણી અને કીર્તિકૌમૂદી જેવા ગ્રંથોમાં જણાવ્યું છે કે લવણપ્રસાદની આજ્ઞાથી વીરધવલે મંત્રી તરીકે એમની નિમણૂંક કરી હતી. જયારે જયસિંહસૂરીકૃત વસ્તુપાલ તેજપાલ પ્રશસ્તિના જણાવ્યા અનુસાર તેઓ પાટણના રાજવી ભીમદેવ-૨ જાની સેવામાં હતા, અને વીરધવલની વિનંતીથી ભીમદેવે આ બંને ભાઈઓને ધોળકા મોકલ્યા હતા. એ ભીમદેવ-૨ જાની સેવામાં ક્યારે જોડાયા એ જાણવા મળતું નથી. પણ એ વિ.સં. 1276 (ઈ.સ. 1219-20) માં ધોળકામાં મહામાત્ય પદે નીમાયા એમ ગિરનારના લેખોમાં જણાવેલ છે.

## 15.4 વસ્તુપાલ અને તેજપાલના વિજયો :-

મહાઅમાત્ય વસ્તુપાલ અને મંત્રી તેજપાલ શસ્ત્રમાં અને દુશ્મનને મહાત કરવામાં કુશળ હતા. દુર્ગાશંકર શાસ્ત્રી લખે છે કે, “ વસ્તુપાલ અને તેજપાલે શસ્ત્રની કુશળતાથી વાઘેલા સોલંકી રાજ્યને ઘણું વધાર્યું હતું. તેમને વીર ધવલને અનેક યુધ્ધોમાં સાથ આપીને દુશ્મનોને હંફાવ્યા હતા.”

વીરધવલના રાજ્યમાં મંત્રીપદ સ્વીકાર્યા બાદ પોતાની બુદ્ધિ પ્રતિભા ઊંડી સૂઝથી ; યુધ્ધમાં મેળવેલા વિજયોથી વીરધવલની સંપતિ અને સત્તામાં વધારો કર્યો હતો. વસ્તુપાલ જયારે ખંભાતના સુબા પદે હતો ત્યારે લાટ (ભરૂચ) ના શંખ (સંગ્રામસિંહે) ખંભાત પર આક્રમણ કર્યું. વસ્તુપાલે લાટના શંખને હરાવી ખંભાતને ભયમુક્ત કર્યું. ખંભાતનો વહીવટ પોતાના પુત્ર જયંતસિંહને સોંપીને તે પોતે ધોળકા આવ્યો. રાજા શંખનું પુષ્કળ દ્રવ્ય પ્રાપ્ત થયું. રાજાવીર ધવલે વસ્તુપાલનું સન્માન કર્યું હતું.

ગોદ્રહ (અર્વાચીન ગોધરા) નો સામંત રાજા ધૂંધલું ગુજરાતમાં આવતી વેપારી વણઝારોને વારંવાર લૂંટતો હતો. વીરધવલે પોતાના મંત્રી તેજપાલને તેની સામે મોકલ્યો. બંને વચ્ચે થયેલા યુધ્ધમાં તેજપાલે વિજય મેળવી ધૂંધલુને કેદ કર્યો હતો. આ વિજયમાં વસ્તુપાલની વ્યૂહરચનાને મોટો ભાગ ભજવ્યો હતો.

દિલ્હીમાં સુલતાન અલ્તમશ શમ્સુદ્દીને મેવાડ પર આક્રમણ કરી, રાજધાની નાગદામા લૂંટફાટ કરી પ્રજા પર કાળો કેર વર્તાવ્યો, ત્યારે તે ત્યાંથી ગુજરાત પર આક્રમણ કરે તે પહેલા વીર ધવલે મુત્સદીગીરીથી પાછો કાઢ્યો. ત્યાર પછી વસ્તુપાલે બગદાદના ખલીફા પાસે બનાવટી રાજદૂત મોકલી અલ્તમસ પર ખલીફાની નારાજગી ઉતારી. વીરધવલે તેને ભગાડ્યો, તો વસ્તુપાલે તેના ગુરુઓને બાનમાં રાખી તેને હંમેશને માટે લાચાર બનાવ્યો. વસ્તુપાલે આબુના રાજા ધારાવર્ષ દેવની મદદ થી મુસલમાનો ને હાંકી કાઢ્યા અને સુલતાન અલ્તમસની માતાને સુખ સગવડ સાથે મક્કાની હજ કરાવી. બુદ્ધિ પૂર્વક ગુજરાત પરના મુસલમાનોના આક્રમણને અટકાવ્યું. વસ્તુપાલે સૌરાષ્ટ્રમાં વંથલીના ઠાકોર સાંગલેની સામે યુદ્ધ કરીને તેને હરાવી પુષ્કળ દ્રવ્ય પ્રાપ્ત કર્યું હતું. કચ્છના ભદ્દેસરના રાજા ભીમસિંહને હરાવી ભદ્રેશ્વરને જીતી લીધું હતું.

મહાઅમાત્ય વસ્તુપાલ અને મંત્રી તેજપાલે ધોળકાની સત્તા તથા અણહીલવાડ પાટણના રાજયને શક્તિશાળી બનાવવામાં નોંધપાત્ર યોગદાન આપ્યું હતું.

## 15.5 વહીવટીતંત્ર :

વસ્તુપાલ અને તેજપાલે તેમના સંગીન વહીવટ દ્વારા ગુજરાત રાજયને વ્યવસ્થિત કર્યું હતું. ડૉ. હરીપ્રસાદ શાસ્ત્રી લખે છે કે, "મહાઅમાત્ય વસ્તુપાલ અને મંત્રી તેજપાલે લવણપ્રસાદ – વીરધવલના રાજયને વ્યવસ્થિત કરવામાં નોંધપાત્ર ફાળો આપ્યો હતો." વસ્તુપાલે તેના ખંભાતના વહીવટ દરમિયાન અધિકારીઓએ કરેલ અન્યાયને દૂર કરી, ચાંચિયાગીરી અટકાવી દીધી તેને આજુબાજુના પ્રદેશમાંથી બાકી રહેલ મહેસૂલ વસૂલ કર્યું હતું. તેણે ગામડાના કેટલાક અન્યાયી અને જુલ્મી મુખીઓને શિક્ષા કરી પ્રજાને સુંદર વહીવટ આપ્યો. અને પ્રજાના કલ્યાણ માટે ઉપયોગી કાર્યો કર્યા. વસ્તુપાલ અને તેજપાલ કુશળ વહીવટકર્તા હતા.

**(ક) તમારી પ્રગતિ ચકાસો:-**

1. લગભગ દસ લીટીમાં વસ્તુપાલ અને તેજપાલના વિજયો જણાવો.

___

___

___

___

___

2. કયું વિધાન સાચું છે (√) કે ખોટું (X) નિશાન કરો.

1 વસ્તુપાલ અને તેજપાલ ઓસ્વાલ જ્ઞાતિના એક સમૃધ્ધ કુટુંબમાં જન્મ્યા હતા.

2 સોમેશ્વરે કીર્તિકૌમૂદી નામે ગ્રંથની રચના કરી.

3 અશ્વરાજના અવસાન પછી કુમારદેવીના પોતાના બાળકોને લઈને માંડલ રહેવા ચાલી ગઈ.

4 વસ્તુપાલ અને તેજપાલે પોતાનું બાળપણ સંહાલકપુરમાં વિતાવ્યું હતું.

## 15.6 સાહિત્ય સર્જન માટે પ્રેરક અને પોષક વસ્તુપાલ :-

વાસ્તુવિદ્યાના પ્રેરક પોષક વસ્તુપાલ અનેક સર્જકોના પણ પ્રેરણા અને આશ્રયસ્રોત હતા. અનેક સર્જકોને તેમણે પ્રોત્સાહન આપેલું. સંસ્કૃત પાકૃત અને અપભ્રંશ ભાષામાં વિવિધ સાહિત્ય સ્વરૂપોમાં તેમના સમયે નોંધપાત્ર સર્જન થયાના પુરાવાઓ મળે છે. વસ્તુપાલની આસપાસ સાહિત્ય સર્જકનું એક મોટું વૃંદ હતું. આમાંના દસ બાર સર્જકોનું પ્રદાન તો સીમાસ્તંભરૂપ છે. સોમેશ્વર , હીરહર, યશોવીર અને જયસિંહ સુરીનું પ્રદાન ખુબ જ વખણાયું છે. એમના સમય દરમિયાન ઐતિહાસિક, પૌરાણિક મહાકાવ્યો, નાટકો પ્રબંધો, રાસાઓ, ધર્મકથા સંગ્રહો, પ્રશસ્તિઓ, સ્ત્રોતો જેવા સાહિત્ય સ્વરૂપો ઉપરાંત, વ્યાકરણ ન્યાય, અલંકાર, છંદ, ટીકાઓ, અને જ્યોતિષ વિદ્યા જેવા વિષયોમાં પાયાના અને ચિર સ્મરણીય ગ્રંથો રચાયા. વસ્તુપાલના સમયમાં અનેક પ્રાંતોમાંથી સાહિત્ય સર્જકો મુલાકાતે આવતા અને તેમાંથી કેટલાય આશ્રિત બનીને રહી જતા. કેટલીય ઉત્તમ સાહિત્ય કૃતિઓની લહિયાઓ દ્વારા નકલ કરાવીને તેઓ પોતાના સમૃધ્ધ ગ્રંથાલયમાં વસાવીને. પોતાના સાહિત્ય પ્રેમી વ્યક્તિત્વની ઝલક આપી છે.

## 15.7 વસ્તુપાલનું સાહિત્યના ક્ષેત્રે યોગદાન :-

મહામાત્ય વસ્તુપાલ ફક્ત એક વીરપુરુષ હતો, એટલું જ નહિ પણ એ એક પ્રખર વિદ્વાન અને કવિ હતો (અને કવિ) સામાન્ય રીતે કવિઓનો આશ્રયદાતા પોતે પણ કવિ હોય છે. વસ્તુપાલ પણ આવો જ એક કવિ અને કવિઓનો આશ્રયદાતા હતો. તેની સાહિત્ય કૃતિઓથી પ્રભાવિત થઈને કવિઓને એને કુર્ચાલ સરસ્વતી, કવિકુંજર, કવિ ચક્રવર્તી, સરસ્વતીનો ધર્મપુત્ર વગેરે બિરુદો આપ્યા હતા. પ્રબંધ ચિંતામણીમાં એના સરસ્વતી કંઠાભારણ, લઘુભોજરાજ, મહાકવિ વગેરે બિરુદો જોવા મળે છે. વસ્તુપાલ કવિતામાં નામ વસંતપાલ હતું. આ નામ પરથી કવિ બાલચંદ્રે વસંતવિલાસ નામનું કાવ્ય રચ્યું છે.

વસ્તુપાલે પોતે પણ કેટલીક કૃતિઓ રચી છે. શેત્રુંજય પર આદિનાથનું દર્શન કરી મળેલી પ્રેરણાથી એણે પહેલું સ્રોત્ર " આદિનાથ સ્તોત્ર" રચ્યું. નરનારાયણા નામે સુંદર મહાકાવ્ય રચી શ્રેષ્ઠ કવિ તરીકેની પોતાની કીર્તિ એણે ચારેબાજુ ફેલાવી આ ઉપરાંત તેણે નેમિનાથ સ્તોત્ર, અંબિકા સ્તોત્ર તેમજ અનેક સૂક્તિઓ રચી છે. શેત્રુંજયની યાત્રા વખતે પોતાનો અંતકાળ નજીક જણાતા તેણે પોતાનું અંતિમ કાવ્ય 'આરાધના' રચ્યું.

વસ્તુપાલના સાહિત્યમંડળમાં ચૌલુક્ય રાજપુરોહિત સોમેશ્વર અગ્ર સ્થાન ધરાવે છે. 'સુરથોત્સવ' અને 'કીર્તિકૌમૂદી' નામે બે મહાકાવ્યો તેણે રચેલા છે. જે અનુક્રમે ગૌડી તેમજ વૈદર્ભી શૈલીમાં રચાયેલા છે. આ કાવ્યોમાં વસ્તુપાલની કીર્તિ તેમજ ગુણોની પ્રશંસા છે. નાનક નામનો એક અન્ય વિદ્વાન પણ કાવ્ય, નાટક, અલંકાર, વ્યાકરણ તેમજ રામાયણ, મહાભારત, પુરાણોમાં નિપુણ હતો. તે સારો કવિ પણ હતો.

અમરચંદ્રસૂરી નામના એક લેખકે પણ એક મહાકાવ્ય રચ્યું છે. આદિનાથના ચરિત્રને લગતું છે. તે સિવાય ચોવીસે તીર્થંકરોના ચરિત્રોને સંક્ષેપમાં નિરુપતી એક કૃતિ પણ રચી છે. કવિપ્રવર સુભટે 'દૂતાંગદ' નામે છાયા નાટક રચ્યું છે. જે રાજા ત્રિભુવનપાળની આજ્ઞાથી અણહિલવાડમાં શિવના દોલોત્સવ પ્રસંગે ભજવાયું હતું.

વસ્તુપાલના સાહિત્ય મંડળમાં અરીસિંહનું નામ પ્રસિદ્ધ છે. તેમણે રચેલા સુભાષિતો ગુજરાતની બહાર પણ પ્રસિધ્ધ હતા. ' સુકૃત સંકિર્તન ' એ અરીસિંહની પ્રખ્યાત કૃતિ છે. તેમાં તેણે વસ્તુપાલના ગુણો ગાયા છે. ઉદયપ્રભસૂરીએ "સુકૃત કીર્તિ કલ્લોલિની" , પાલ્હણપુત્ર નામના કવિએ 'આબુરાસ' રચ્યો છે. જેમાં વસ્તુપાલ અને તેજપાલે બંધાવેલા મંદિરોનું વર્ણન કરવામાં આવ્યું છે. નરચંદસૂરી પણ વસ્તુપાલના ગુરુ હતા, જેમણે વસ્તુપાલને ન્યાયવ્યાકરણ અને સાહિત્યનુ જ્ઞાન આપ્યું હતું. તેમણે પણ 'પ્રાકૃતબોધ' અને 'નારચંદ્ર જ્યોતિસાર' નામે ગ્રંથ લખ્યા છે. તેઓ સંગીત શાસ્ત્રમાં કુશળ હતા. વસ્તુપાલે ગિરનાર પર જે મંદિરો બંધાવ્યા છે તેના વિશે એમને કરેલી પદ્ય રચનાઓ શિલાલેખમાં આપી છે. નરેન્દ્રસુરિના શિષ્ય નરેન્દ્ર પ્રભસૂરીએ પણ કાવ્યશાસ્ત્રને લાગતો ગ્રંથ ' અલંકાર મહોદધિ ' લખ્યો છે. તેમને વિવેક કુલિકા નામે સૂક્તિસંગ્રહ રચ્યા છે. તેમણે વસ્તુપાલના બે પ્રશસ્તિ કાવ્યો પણ રચ્યા છે.

વસ્તુપાલના કુટુંબીજનોમાં તેજપાલ, તેજપાલની પત્ની અનુપમા, પોતાનો પુત્ર જયંતસિંહ વગેરે પણ સારા કાવ્યો રચી જાણતા હતા. તેજપાલની પત્ની અનુપમાએ 'કંકણ' કાવ્ય રચ્યું તે ષડદર્શન માતા તરીકે ઓળખાતી હતી.

વસ્તુપાલ-તેજપાલના ગુરુ વિજયસેનસૂરીએ ગુજરાતી ભાષામાં " રેવંતિ ગિરિરાસુ" નામનું કાવ્ય રચ્યું છે. આ ઉપરાંત કવિ યશોધર, સોમાદીત્ય, વૈરસિંહ, કમલાદીત્ય, જયદેવ, વિકલ કૃષ્ણસિંહ, શંકર સ્વામી વગેરે વસ્તુપાલના આશ્રિત કવિઓ હતા. આમાં વસ્તુપાલ અને તેજપાલ વિદ્યા અને સંસ્કારના પુજારી હતા. તેમણે ભારતના સાહિત્યને સમૃધ્ધ કર્યું.

## 15.8 વસ્તુપાલની ધર્મયાત્રાઓ :- ધાર્મિકનીતિ

વસ્તુપાલે પોતાના કુટુંબીજનો સાથે અને સંઘ સાથે અનેક ધર્મયાત્રાઓ કરીને ઈશ્વર તરફની ઊંડી શ્રધ્ધાનું દર્શન પણ વસ્તુપાલે કરાવ્યું છે. તેણે પિતા આશરાજ સાથે ઈ.સ. 1193 માં શેત્રુંજય અને ગિરનારની યાત્રા કરેલી. મંત્રી પદે નિયુક્તિ થયા પછી પણ ઈ.સ 1221, 1234, 1235, 1236, અને 1237ના વર્ષો દરમિયાન શત્રુંજય અને ગિરનારની યાત્રાઓ સંઘ સાથે કાર્યમાં ઉલ્લેખો મળે છે. માત્ર કુટુંબીજનો સાથે ઈ.સ. 1227, 1228, 1229, 1230, 1231, 1232, અને 1233માં શત્રુંજય તીર્થની યાત્રા કરી હતી. છેલ્લી ઈ.સ. ૧૨૪૦ ની શત્રુંજય યાત્રા દરમિયાન રસ્તામાં જ એનું નિધન થયેલું. વસ્તુપાલની આ બધી ધર્મયાત્રાઓમાંથી ઈ.સ.1221ની સંઘ સાથેની યાત્રા સૌથી વધુ મહત્વ ધરાવનારી અને પ્રભાવ પાડનારી હશે એવું માનવામાં આવે છે. ધર્મનિષ્ઠ મંત્રી તરીકેની તેમના વ્યક્તિત્વની જનસમુદાય પર ખુબ પ્રભાવ પડી ગયો હશે. પ્રાચીન સાહિત્યમાં તેમણે સાડા બાર યાત્રાઓ કરી હોવાનું નોંધાયું છે.

વસ્તુપાલ અને તેજપાલ જૈનધર્મના મોટા પ્રભાવક હતા. ઉદાર અને સહિષ્ણુ રાજાઓ હતા. તેમણે બીજા ધર્મો પ્રત્યે પણ સમભાવ દાખવ્યો હતો. તેણે ધોળકામાં ગણેશ્વર મંદિરનો દરવાજો સમરાવ્યો હતો. આ જૈનમંત્રીઓએ બ્રાહ્મણોને દાન આપવામાં બાકી રાખ્યું નથી. તેમણે મુસલમાનોને પણ હજ કરવા જવા ઘણી સગવડો આપી હતી.

## 15.9 શિલ્પ અને સ્થાપત્ય ક્ષેત્રે વસ્તુપાલ-તેજપાલનું પ્રદાન :

વસ્તુપાલ અને તેજપાલ દ્વારા નિર્માણ પામેલ સ્થાપત્ય રચનાઓ એમની સર્વધર્મ સમભાવી અને બહુજન સુખાય વૃત્તિનું ઉદાહરણ પૂરૂં પાડે છે. તેમના દ્વારા નિર્માણ પામેલી સ્થાપત્ય રચનાઓમાં બહુ થોડા અવશેષો અત્યારે પ્રાપ્ત છે. પરંતુ અનેક પુરાવાઓના આધારે વિખ્યાત પુરાતત્વવિદ્ ડૉ. મધુસૂદન ઢાંકી અને હરિપ્રસાદ શાસ્ત્રીએ સંશોધન કરીને તૈયાર કરેલ લેખ "વસ્તુપાલ-તેજપાલની કિર્તનાત્મક પ્રવૃતિઓ " (સ્વાધ્યાય- વર્ષ 1964- પુસ્તક-4, પરૂં.305 થી 320 ) માં સમગ્ર ભારતમાં પથરાયેલા વિવિધ પ્રકારના શિલ્પ સ્થાપત્યો સિત્તેર જેટલા સ્થળે હતા. એનો વિગતે પરિચય કરાવેલ છે. તેમના દ્વારા નિર્માણ પામેલી વિવિધ રચનાઓમાં (૧) નગરનિર્માણ (૨) દુર્ગ (૩) પદ્માક કુંડ, વાપી, કૂપ, પ્રપા અને તકમંડળીકા જેવા જળાશયો (૪) જૈન દેવાલયો, શિવ મંદિરો, હિંદુ દેવી દેવતાઓના મંદિરો, મસ્જિદ, (૫) જૈન બ્રાહ્મણીય

દેવકુલિકાઓ, (૬) મંડળો (૭) તોરણ, સ્તંભ, પ્રતિ હસ્તક અને ઉત્તન પટ્ટ જેવા સ્થાપત્યો, (૮) જૈન-બ્રાહ્મણીય દેવીદેવતાઓની પ્રતિમાઓ, (૯) જૈન- બ્રાહ્મણીય મંદિરોના જીર્ણોદ્ધારો, (૧૦) શુલ્ક મંડળીઓ, હટ્ટીકાઓ અને વાટિકાઓ, (૧૧) સુવર્ણ દંડકલશાધિકરોપણ, વગેરે મુખ્ય છે. તેમના દ્વારા નિર્માણ પામેલી આ રચનાઓમાંથી વસ્તુપાલની સમાજોપયોગી અને સર્વધર્મ પ્રત્યેની આદરભાવના સૌંદર્યદ્રષ્ટિના દર્શન થાય છે.

વસ્તુપાલ અને તેજપાલ જૈનધર્મના મહાન ઉપાસક હતા. તેથી તેમણે અનેક જૈન મંદિરો બંધાવ્યા હતા. તેમણે ગુજરાતમાં ઠેર ઠેર ધર્મસ્થાનો બંધાવ્યા. તેમાં આબુ, અણહિલવાડ, તારંગા, ડભોઇ, ખંભાત, ભરૂચ, વગેરેમાં બંધાવેલા ધર્મસ્થાનો મુખ્ય છે. તેમણે નવા મંદિરો બંધાવ્યા અને જૂના મંદિરોનો જીર્ણોદ્ધાર કરી નવા કરાવ્યા. તેમણે કેટલાક મંડપ અને ઉપાશ્રયો બંધાવ્યા. ગિરનાર અને આબુના મંદિરોએ વસ્તુપાલને અમર નામના અર્પી છે.

વસ્તુપાલ ગુજરાતમાં શેત્રુંજય પર્વત પર ' ઇન્દ્રમંડપ ' ગિરનાર પર 'વસ્તુપાલ વિહાર' અને 'પાર્શ્વનાથમંદિર', ધોળકામાં 'આદિનાથમંદિર', 'પ્રભાસપાટણ'માં 'અષ્ટાંપ્રસાદ' વગેરે ચૈત્યો બંધાવ્યા. તેજપાલે ધોળકામાં 'નેમિનાથ મંદિર', પાટણમાં 'અશ્વરાજ વિહાર' આબુ પર 'નેમિનાથ મંદિર' – લુણવસિંહ પ્રભાસ પાટણમાં 'આદિનાથ વિહાર' વગેરે જૈન મંદિરો બંધાવ્યા હતા. તેમણે બંધાવેલ મંદિરોમાં ગિરનાર અને આબુ પરના મંદિરો આજે પણ જોવાલાયક છે. તેજપાલે બંધાવેલ મંદિરોમાં ગિરનાર ઉપરનું મહાતીર્થાવતારનં મંદિર ખાસ નોંધપાત્ર છે. તેજપાલે પોતાની પત્ની અનુપમા દેવીની પ્રેરણાથી પોતાના નાનાભાઈ લુણીગની યાદમાં આબુ પર 'લુણવસિંહ' નામનું આરસનું ભવ્ય મંદિર ઈ.સ ૧૨૩૦ માં બંધાવ્યું. આ મંદિર શોભનદેવ નામે શિલ્પીએ બાંધ્યું હતું. આ મંદિરની કોતરણી, ગૂઢમંડપ, નવચોકીઓ, રંગમંડપ, ગોખલા, ફેરીઓ, વગેરે સુશોભિત છે. આજે પણ લોકો આ મંદિરના દર્શન માટે આબુ પર આવે છે. આ મંદિર એના શિલ્પ વૈભવને લીધે વસ્તુપાલને, ગુજરાતને અને ભારતને કીર્તિ અપાવે છે. તેમજ ભારતની ઉત્તમ કલાકૃતિઓમાં નોંધપાત્ર સ્થાન ધરાવે છે. આમ વસ્તુપાલમાં આપણને અદભૂત ધર્મપ્રેમના દર્શન થાય છે.

વસ્તુપાલની માફક એનો નાનોભાઈ તેજપાલ પણ વીરધવલના રાજ્યમાં મહત્વનું સ્થાન ધરાવતો હતો.

## 15.10 વસ્તુપાલ અને તેજપાલનું ગુજરાતના ઇતિહાસમાં સ્થાન :

મહાઅમાત્ય વસ્તુપાલ અને મંત્રી તેજપાલે લવણપ્રસાદ વીરધવલના રાજયને શક્તિશાળી બનાવવામાં ઘણો નોંધપાત્ર ભાગ ભજવ્યો. આ બંને વણિકબંધુઓ મધ્યકાલીન ગુજરાતની મહાન વિભૂતિઓ હતી. તેઓ શસ્ત્ર અને શાસ્ત્રમાં પારંગત હતા. તેમણે પોતાના ધનનો ઉપયોગ ગુજરાતમાં મોટા મંદિરો બાંધવામાં કર્યો એ મંદિરોએ આજે પણ વસ્તુપાલને અમર બનાવ્યો છે. ગુજરાતના રાજકીય, સાંસ્કૃતિક અને ધાર્મિક ક્ષેત્રે આ વણિક બંધુઓનો ફાળો નોંધપાત્ર છે. તેમણે પોતાની બુધ્ધિ પ્રતિભાથી ગુજરાતનું નામ રોશન કર્યું. તેઓ મુત્સદી, દીર્ઘ દ્રષ્ટિવાળા, સાહિત્યપ્રેમી તથા ઉદાર હતા. સોલંકી કાળના અંતભાગમાં ગુજરાતમાં જૈન ધર્મને લોકપ્રિય

બનાવવામાં તેમનો ફાળો મહત્વનો છે. તેમણે વિદ્યા અને સાહિત્યને ઉત્તેજન આપ્યું. ગુજરાતમાં સ્થાપત્યકાલનો દ્વિતીય સુવર્ણયુગ એટલે વસ્તુપાલ-તેજપાલનો સમય.

**(ખ) તમારી પ્રગતિ ચકાસો.**

1. લગભગ દસ લીટીમાં વસ્તુપાલનુ સાહિત્યક્ષેત્રે યોગદાન જણાવો.

___

2. લગભગ દસ લીટીમાં વસ્તુપાલનું શિલ્પ-સ્થાપત્યક્ષેત્રે પ્રદાન જણાવો.

___

(2) નીચેનામાંથી કયા વિધાનો સાચા છે કે ખોટા નિશાની કરો.

1 વસ્તુપાલની આસપાસ સાહિત્ય સર્જકોનં એક મોટું વૃંદ હતું.

2 કવિબાલચંદે વસંતવિલાસ નામનું નાટક રચ્યું છે.

3 વસ્તુપાલની ધર્મયાત્રાઓમાં ૧૨૪૦ની સૌથી મહત્વની છે.

4 વસ્તુપાલે મીનલદેવીની પ્રેરણાથી આબુ પર લુણવસહી નામે મંદિર બંધાવ્યું.

5 વસ્તુપાલે બંધાવેલ મંદિરોમાં ગિરનાર પરનું ‘મહાતીર્થાવતાર’નું મંદિર ખાસ નોંધપાત્ર છે

**15.11 સારાંશ** :

માત્ર બે ત્રણ દાયકા જેટલા ટૂંકા સમયગાળા દરમિયાન સમગ્ર ભારતમાં પોતાના કાર્યોથી ચિરંજીવ સ્થાન પામનાર વસ્તુપાલ-તેજપાલે બહુમુખી પ્રતિભા ધરાવનારા અત્યંત તેજસ્વી મહાપુરુષોમાં પોતાનું સ્થાન પ્રાપ્ત કર્યું છે. વસ્તુપાલ અને તેજપાલે યુદ્ધોમાં મેળવેલા વિજયો, રાજવહીવટ, ધર્મયાત્રાઓ, સાહિત્યસર્જન, વિદ્વાનોને પ્રોત્સાહન, ધાર્મિક સહિષ્ણુતા , કલા સ્થાપત્યના ક્ષેત્રે અનેક નોંધપાત્ર બાંધકામો કરીને ૨૦ વર્ષ સુધી ધોળકાના રાજવંશની સેવા કરી, પોતાનું સમગ્ર જીવન કલા-સ્થાપત્ય અને સાહિત્ય પાછળ ખર્ચી કાઢ્યું. આ કલા રસિક તેમજ સાહિત્યસિક રાજવીનું ઈ.સ ૧૨૪૦માં અવસાન થયું અને તેજપાલનું મરણ ઈ.સ. ૧૨૫૨માં થયું. આજે પણ ગુજરાત વસ્તુપાલ અને તેજપાલનું અનેકક્ષેત્રે ઋણી છે. તેમ કહેવામાં જરા પણ ખોટું નથી.

**15.12 ચાવીરૂપ શબ્દો :**

પ્રશસ્તિ – અતિશયોક્તિ પૂર્ણ વર્ણન/ કોઈના વખાણ માટે લખાયેલ કાવ્ય

શ્રેષ્ઠી – વેપારી માટેનો સામાન્ય શબ્દ

મંડપ – મંદિર કે મસ્જીદમાં છત બાંધેલી જગ્યા

અંતરાલ – મંદિરના ગર્ભગૃહની આગળનો ભાગ

મંડલ – વહીવટી વિભાગ

સામંત – સમ્રાટ કે મહાન શાસકના ખંડિયા જાગીરદાર

ભંડાર – જૈન ગ્રંથાલય

પ્રબંધ – ઐતિહાસિક બાબતોની સાથે દંતકથાઓ, રહસ્યકથાઓ તથા કાલ્પનિક હકીકતો વાળુ સાહિત્ય

દાનપત્ર – હક્ક દર્શાવતું કરારનામું

મંત્રી – પ્રધાન

ભાટચારણો – જે પોતાના આશ્રય દાતાની પ્રશંસા કરતો ગીતો રચીને ગાતો અને ભટકતો માણસ

## 15.13 તમારી પ્રગતિ ચકાસોના જવાબો :

(ક) (૨) (1) x (2) ✓ (3) ✓ (4) ✓

(ખ) (1) ✓ (2) ✓ (3) x (4) x (5) ✓

## 15.14 સંદર્ભગ્રંથો :


1 ડૉ. ભોગીલાલ સાંડેસરા ; 'મહાઅમાત્ય વસ્તુપાલનું સાહિત્યમંડળ- અમદાવાદ 1957

2 ડૉ. બલવંત જાની, મહામાત્ય વસ્તુપાલ, પાર્શ્વ પ્રકાશન, અમદાવાદ,1992

3 સંપાદકો: પરીખ રસિકલાલ છોટાલાલ , શાસ્ત્રી હરિપ્રસાદ ગંગાપ્રસાદ, ગુ.રા.સાં.ઈ.ગ્રંથ-4 સોલંકી કાલ, ઈ.સ 1976 ભો.જે.વિ. અમદાવાદ

4 આચાર્ય ડૉ.નવીનચંદ્ર આ. ગુજરાતનો સોલંકી કાલીન ઈતિહાસ, યુનિ.ગ્રંથ. નિ.અમ.1973

5 મુનશી ક.મા. ચક્રવર્તી ગુર્જરો, ભારતીય વિદ્યાભવન. ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલય . 1866, અમદાવાદ

6 જોટે. ર.ભી. ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઈતિહાસ ગ્રંથ-૨ અમદાવાદ

7 બ્રહ્મક્ષત્રિય મુકુન્દભાઈ પી. અણહિલપુરની અસ્મિતા અને પાટણનો સાંસ્કૃતિક ઈતિહાસ, 1996 , પાટણ

8 બ્રહ્મક્ષત્રીય મુકુન્દભાઈ પી. ધન્ય ધરાપાટણની ઈ.સ 2000, પાટણ

9 ડૉ. આર.કે.ધારૈયા, ગુજરાતનો ઈતિહાસ સી.જમનાદાસ , અમદાવાદ

10 ગુજરાતનો ઈતિહાસ પોપ્યુલરપ્રકાશન , સુરત. 2010-2011

11 ગુજરાતનો સાંસ્કૃતિક ઈતિહાસ , પોપ્યુલર પ્રકાશન – સુરત

12 જ્ઞાનાંજલી, મુનિ પુણ્ય વિજયજી , વડોદરા

# એકમ- 16 સોલંકી વાઘેલા સમયની આર્થિક, સામાજિક સ્થિતિ અને સાંસ્કૃતિક સ્થિતિ

રૂપરેખા :

16.0 ઉદ્દેશો

16.1 પ્રસ્તાવના

16.2 સોલંકી વાઘેલા સમયની આર્થિક સ્થિતિ :

- 16.2.1 ખેતીવાડી
- 16.2.2 ઉધોગ-ધંધા
- 16.2.3 વેપાર-વાણિજય
- 16.2.4 વાહનવ્યવહાર
- 16.2.5 તોલમાપ-વિનિમય સિક્કા
- 16.2.6 લોકોની આર્થિક સ્થિતિ

16.3 સોલંકી વાઘેલા સમયની સામાજિક સ્થિતિ :

- 16.3.1 વર્ણ-વર્ગ-જ્ઞાતિ
- 16.3.2 લગ્ન, પુર્નલગ્ન-સતીપ્રથા
- 16.3.3 આચાર-વિચાર-નીતિમત્તાનું ધોરણ
- 16.3.4 ખોરાક- પોશાક
- 16.3.5 શૃંગાર-અલંકાર
- 16.3.6 ઉત્સવ, રમતો, નાટ્યપ્રયોગો
- 16.3.7 વહેમો તથા ચમત્કારો

16.4 સોલંકી વાઘેલા સમયની સાંસ્કૃતિક સ્થિતિ :

- 16.4.1 ભાષા તથા શિક્ષણ
- 16.4.2 સાહિત્ય અને સાહિત્યકારો
- 16.4.3 હેમચંદ્રાચાર્ય અને તેમનું શિષ્યમંડળ
- 16.4.4 વસ્તુપાલનું સાહિત્યમંડળ
- 16.4.5 સ્થાપત્ય અને અન્ય કલાઓ
- 16.4.6 શિલ્પ તથા મૂર્તિવિધાન કલા
- 16.4.7 ચિત્રકલા.

16.5 ધાર્મિક સ્થિતિ

- 16.5.1 શૈવ-સંપ્રદાય
- 16.5.2 વૈષ્ણવ-સંપ્રદાય
- 16.5.3 સૂર્યપૂજા અને શક્તિપૂજા

16.5.4 જૈન ધર્મ, તેનું પ્રાબલ્ય
16.5.5 એકંદરે ધાર્મિક સ્થિતિ
16.6 સમાપન
16.7 તમારી પ્રગતિ ચકાસોના જવાબો
16.8 ચાવીરૂપ શબ્દો
16.9 સંદર્ભગ્રંથ

**16.0 ઉદ્દેશો** :

- સોલંકી વાઘેલા સમયની આર્થિક, સામાજિક સ્થિતિ અને સાંસ્કૃતિક સ્થિતિનો યોગ્ય ખ્યાલ મેળવી શકશો.
- સોલંકી વાઘેલા સમયમાં ગુજરાતમાં ખેતીવાડી-ઉદ્યોગ-ધંધા-વેપાર-વાણિજય-વાહનવ્યવહાર-તોલમાપ-વિનિમય, સિક્કા તથા લોકોની આર્થિક સ્થિતિ અને ગુજરાતની સ્મૃદ્ધિનો ઈતિહાસ જાણવો જરૂરી છે.
- ઇતિહાસના વિદ્યાર્થી તરીકે સોલંકી વાઘેલા સમયમાં ગુજરાતની સમાજ વ્યવસ્થા, પ્રચલિત વર્ણવ્યવસ્થા, જ્ઞાતિઓ અને પેટા જ્ઞાતિઓ અંગેનો ઇતિહાસ જાણે.

**16.1 પ્રસ્તાવના** :

સોલંકી સમયની આર્થિક સ્થિતિની માહિતી વિશેષ કરીને અભિલેખો, હેમચંદ્રાચાર્યનાં પુસ્તકો તથા પ્રવાસીઓની પ્રવાસનોંધોમાથી પ્રાપ્ત થઈ છે. આ સાધનોના જણાવ્યા પ્રમાણે સોલંકી-વાઘેલા સમયમાં ગુજરાતમાં ખેતીવાડી-ઉધોગ-ધંધા-વેપાર-વાણિજય-વાહનવ્યવહાર-તોલમાપ-વિનિમય વગેરે સમુદ્ધ હતા. અનેક પ્રકારના પાક થતાં, કાપડ-ઉદ્યોગ ખૂબ ખીલેલો હતો. કેટલાક વેપારીઓ મોટા પાયા ઉપર વેપાર ખેડતા તથા અમુક સારા બંદરો પણ આ યુગમાં હતા. આ સમયની ખેતી અંગે મુસ્લિમ પ્રવાસી અબ્દુલ્લા વસફ લખે છે કે, "ગુજરાતમાં ચારે ઋતુમાં જુદા જુદા ફૂલ થાય છે. ખેતરોમાં જુદા જુદા પ્રકારનું અનાજ પાકે છે. શિયાળામાં પણ ખેતરો અનાજથી લહેરતા દેખાઈ છે. જમીનમાં રૂના છોડ સારી રીતે દેખાય છે." પ્રબંધોમાં ગુજરાતનું વર્ણન આ પ્રમાણે આપવામાં આવ્યું છે, "આ દેશની ભૂમિ સર્વ પ્રકારના ધાન્યો જેવા કે મગ, તુવેર, અડદ, ઘઉં, ચોખા, જુવાર વગેરે ઉત્પન્ન કરવા સમર્થ છે. ત્યાં અનેક પ્રકારના ફળો તથા ફૂલો થાય છે. ગુજરાતનાં વેપારીઓ ઘણા બંદરોમાં પોતાનો વેપાર ખેડે છે અને અઢળક ધન અને પોતાના દેશમાં લાવે છે. ગામેગામ અન્નક્ષેત્રો છે. આ પ્રદેશમાં આવેલા ગામડાઓ અને શહેરો અતિશય વૈભવવાળા છે." આ પરથી જણાય છે કે પ્રાચીન સમયમાં ગુજરાત એક સમૃદ્ધ દેશ હતો.

## 16.2 સોલંકી વાઘેલા સમયની આર્થિક સ્થિતિ :

### 16.2.1 ખેતીવાડી :

સમકાલીન સાધનોના જણાવ્યા પ્રમાણે સોલંકી-વાઘેલા યુગમાં હાલની માફક ખેતી હળથી થતી. લગભગ બધી જાતના પાક થતાં. ડાંગર, ઘઉં, કઠોળ, ફળ, ફૂલ, શાકભાજી વગેરોનું ઉત્પાદન સારા પ્રમાણમા થતું. જમીનની ફળદ્રુપતા અને તેને અનુરૂપ પાણી બારેમાસ મળી રહેતું હોવાથી શિયાળુ, ઉનાળુ અને ચોમાસુ, એમ ત્રણેય ઋતુના પાક લેવાતા. વિવિધ પ્રકારના ચોખા, ઘઉં, કઠોળ વગેરેનો ઉલ્લેખ અભિલેખો, પ્રવાસીઓ તથા હેમચંદ્રાચાર્ય કરે છે. કઠોળમાં ચણાનું ઉત્પાદન વિશેષ પ્રમાણમાં થતું. શેરડી પણ અગત્યનો પાક હતો, તેમાથી ગોળ, ખાંડ તથા સાકર બનાવવામાં આવતી. કપાસ, ગળી, સોપારી, કેરી, નાળિયેરી વગેરેનું વાવેતર સામાન્ય હતું. માંગરોળ-ચોરવાડ પ્રદેશમાં નાગરવેલના પાનની પેદાશ મોટા પ્રમાણમા થતી અને દરેક વર્ગના લોકો તેનો છૂટથી ઉપયોગ કરતા. કેરી, દાડમ, સંતરા, નારંગી, સીતાફળ, કેળાં થતાં અન્ય પ્રકારના ફળો થતાં. લગભગ 70 પ્રકારના ફૂલો ઉગતા. ચોરોથી ખેતીનું રક્ષણ કરવા કુતરા રાખવામા આવતા, જયારે પક્ષીઓથી પાકનું રક્ષણ કરવા ખેતરોમાં ચાડિયા ઊભા કરવામાં આવતા.

### 16.2.2 ઉદ્યોગ-ધંધા :

ઉદ્યોગ-ધંધામાં કાપડ, હસ્તકલા, ચામડું, ખાંડ, સ્થાપત્ય, લોખંડ અને અન્ય ધાતુઓ વગેરેના ઉદ્યોગ વિશેષ વિકસ્યા હતા. કાપડ-ઉદ્યોગ ખીલેલો હતો. ભરૂચ, ખંભાત તથા પાટણ કાપડ-ઉદ્યોગના મોટા કેન્દ્રો હતા. ભરૂચનું કાપડ ‘બરોજી’ તથા ખંભાતનું કાપડ ‘કંબાયતિ’ ;તરીકે વિખ્યાત હતું. તેની દેશ-વિદેશોમાં મોટી માંગ રહેતી, ભરૂચ તથા ખંભાત બંદેરેથી બંને પ્રકારની કાપડની મોટા પાયા પર નિકાસ થતી. પાટણના પટોળાં પણ ખૂબ જાણીતા હતા. કાપડ ઉપરાંત જાત જાતના અન્ય ગૃહ ઉદ્યોગો પણ થતા હતા. ભરતગૂથણ, ચિત્રકામ વગેરે પણ ખૂબ પ્રચલિત હતા. મેરૂતુંગ, હેમચંદ્રાચાર્ય વગેરેના કથન મુજબ શેરડીમાથી ગોળ, ખાંડ, સાંકર વગેરે બનાવવાનો ઉદ્યોગ જાણીતો હતો. શેરડીને પિલવાના સંચાને કોલ્હુ (કોલૂ) કહેતા. ખાંડમાથી અનેક પ્રકારની મીઠાઈઓ બનાવતી. પશુપાલનનો ઉદ્યોગો પણ ખૂબ વિકસેલો હતો. ઘેંટા-બકરા, ભેંસો, બળદો વગેરેના ચામડાનો ઉદ્યોગો પ્રચલિત હતો. અને તેની મોટા પાયા ઉપર નિકાસ પણ થતી હતી. ખંભાતના જોડાની માંગ ખૂબ રહેતી. ચામડામાથી પખાલ, બાલદી, કૂપી વગેરે બનાવવામાં આવતા. ઉપરાંત રંગબેરંગી પશુ-પક્ષીઓની આકૃતિવાળા મનોહર ગાલીચા, સાદડીઓ, ઓશિકા વગેરે પણ બનાવવામાં આવતા. આવી બનાવટોની દેશ-વિદેશમાં ઊચી કિંમત ઉપજતી.

આ સમયના પાટણ, ધોળકા, ખંભાત, ભરુચ વગેરે શહેરોના મકાનો, દૂર્ગો જળાશયો અને આ યુગના મંદિરોના બાંધકામો જોતાં સ્થાપત્યો, શિલ્પ, પથ્થરકામ, સુથારીકામ, લુહારીકામ વગેરેના ઉદ્યોગો ખીલ્યા હોવાની પ્રતીતિ થઈ છે. આબુ, ગિરનાર તથા અન્ય સ્થળોના દેવાલયો આ સમયની સાક્ષી પૂરે છે. આરાસુર પર્વત ઉપર લોખંડ ગાળવાનો ઉદ્યોગો ખીલ્યો હતો. પથ્થરો ફોડવાનો ઉદ્યોગો પણ જાણીતો હતો. લોખંડમાથી હથિયારો તથા ઓજારો બનાવતા તથા

ગૃહોપયોગી ચીજો તૈયાર થતી. જાતજાતના વાસણો, કંસારના ઉદ્યોગોનો તે સમયનું અસ્તિત્વ સૂચવે છે. સોના-ચાંદીના દાગીનાનો બાહોળો ઉપયોગ, સોનીનો ધંધો ધીકતો હોવાનું દર્શાવે છે. નવસારી, સુગંધી પદાર્થો બનાવવાનું મોટું કેન્દ્ર હતું. કુંભાર, વણકર, દરજી વગેરેના ધંધાઓ પણ નોંધપાત્ર હતા. બાગ-બગીચાઓ, ફૂલ-ઝાડોના ઉલ્લેખો માળીના ધંધાની ઉપયોગિતા સૂચવે છે. પુરોહિત, જોશી, વૈધ, કંદોઇ, તંબોડી, ધોબી, નાઈ, મોચી, ઘાંચી, ઓડ, રંગાટી, કલાબ વગેરેના ધંધા પણ જાણીતા હતા. ગાયક ગણિકા વગેરેના ધંધાનો પણ સારા પ્રમાણમા નિર્દેશ જોવા મળે છે. જુદા જુદા ધંધાર્થીઓની (સંગઠનો)ના ઉલ્લેખ ખાસ નોંધપાત્ર કહેવાય. ઊંચા વર્ગના બુદ્ધિશાળી લોકો, સરકારી, અમલદારો અને રાજપુરૂષો ઊંચા ધંધો સ્વીકારતા.

**16.2.3 વેપાર-વાણિજ્ય** :

વિવિધ પ્રકારના ધંધાઓ અને ઉત્પાદનના લીધે વેપાર-વાણિજ્ય પણ ખીલેલા હતા. સ્તંભતીર્થ (ખંભાત) અને ભૃગૂકચ્છ (ભરૂચ) દેશ-વિદેશ સાથેનો વેપાર માટેના જાણીતા બંદરો હતા. વેરાવળ, માંગરોળ, સુરત, ગણદેવી, ગોપનાથ, દ્વારકા જેવા નાના બંદરો પણ હતા. ખંભાત અને ભરુચથી કાપડ, કપાસ, ચામડું, મરી મસાલા, ખાંડ, ગળી, રંગ, સુગંધી પદાર્થો, ગૂગળ, લાખ, આંબળા વગેરની મોટા પાયા પર નિકાસ થતી. આમ ગુજરાતનાં વેપારીઓ પુષ્કળ ધન કમાતા. આ બંદરો મારફત વિદેશોમાંથી સોનું, ચાંદી, તાંબું, વગેરે ધાતુઓ, વિવિધ પ્રકારના દારુઓ, સુરમો, ઘોડા વગેરેની આયાત પણ થતી. ગુજરાતી વેપારીઓ ઈરાન, અરબસ્તાન, આફ્રિકા, ચીન, સિલોન, જાવા વગેરે દેશો સાથે દરિયાઈ વેપાર ખેડતા. ઈરાન વગેરે દેશોમાં જગડૂશા જેવા ગુજરાતીઓ વેપારીઓનો મોટો વેપાર ચાલતો. અફઘાનિસ્તાનમાં પણ ગુજરાતી વેપારીઓની પેઢી હતી. તેજ રીતે ઈરાન, અફઘાનિસ્તાન વગેરે દેશોના મુસ્લિમ વેપારીઓની પાટણ, સોમનાથ, ખંભાત, ભરુચ વગેરે શહેરોમાં પેઢીઓ હતી. ગુજરાતનું વહાણવટુ આ સમયે ખૂબ વિખ્યાત હતું. તથા ઘોઘા બંદર મોટું નૌકા મથક હતું. અમુક વેપારોનો રાજ્ય તરફથી ઇજારા આપતા. જુદા જુદા વેપારી-ધંધા અસ્તિત્વમાં હતા. તેઓ સામૂહિક વેપાર ઉપરાંત દાન-પુણ્યની પ્રવૃત્તિઓ કરતાં. રાજ્ય તરફથી તેમને ઉત્તેજન મળતું. ધર્મસ્થાનોના નિભાવ માટે રાજ્ય તથા વેપારી-સંઘો તરફથી વેપારીઓ પર અમુક લાગા (કર) નાખવામાં આવ્યા હતા.

**16.2.4 વાહનવ્યવહાર** :

આ યુગના આર્થિક તથા સામાજિક જીવનમાં વાહનવ્યવહારના સાધનો પણ મહત્વના ભાગ ભજવતા. પશુઓ, ગાડા, પાલખી, રથ, હોડી વગેરેનો વાહનવ્યવહારમાં સાધનો તરીકે ઉપયોગ થતો. હાથી તથા ઘોડાના સૈન્યની શોભા ગણાતા. લશ્કરમાં હાથી તથા ઘોડાનો ઉપયોગ વધારે પ્રમાણમાં થતો. યુદ્ધ ઉપરાંત મહોત્સવ, રાજસવારી, શિકાર, વગેરેમાં પણ હાથીઓનો ઉપયોગ સવિશેષ હતો. હસ્તીશાળા રાજમહાલયોનો મહત્વનો અંગ ગણાતું. હાથી પછી મહત્વનુ સ્થાન ઘોડાનું હતું. તે લડાઈ ઉપરાંત મુસાફરીનું અગત્યનું સાધન હતું. તેનો ઉપયોગ સામાન્ય હતો. માલની હેરફેર કરવા માટે ઊંટ, બળદ, પાડા, ગધેડા વગેરેનો ઉપયોગ થતો. રાજાઓ, રાજરાણીઓ, સામંતો તથા તેમની સ્ત્રીઓ પાલખીઓનો ઉપયોગ છૂટથી કરતા હતા. રાજકુટુંબોના સભ્યો, અધિકારીઓએ, સામંતો તથા ધનિક વર્ગના લોકો રથનો પણ વાહન તરીકે

ઉપયોગ કરતા હતા. શકટ (ગાડું) સામાન્ય ઉપયોગનું સાધન હતું. જળમાર્ગોમાં હોડીઓ તથા દૂરના જળમાર્ગોમાં વહાણોનો ઉપયોગ થતો.

**16.2.5 તોલમાપ અને વિનિમય સિક્કાઓ**:

આ સમયમાં તોલમાપના નિશ્ચિત સાધનો વપરાતા. અનાજ, સુવર્ણ વગેરે તોલવા માટે નિશ્ચિત વજનો હતા. ઘી, તેલ વગેરે પ્રવાહી પદાર્થો માટે ચોક્કસ માપ હતા. ધાન્યમાં મૂળો, સુવર્ણમાં 'ભાર' તથા પ્રવાહીમાં 'ઘડી' સૌથી મોટા વજન કે માપ હતા. જમીનની માપણી માટે નિશ્ચિત પદ્ધતિ અમલમાં હતી. ગામડામાં લેવડ દેવડ માટે વિનિમય પદ્ધતિ અમલમાં હશે. જયારે શહેરોમાં ખાસ કરીને ખંભાત તથા ભરૂચમાં કોઈ પ્રકારના નાણાં મારફત વિનિમય ચાલતો હશે. કમનસીબે સોલંકીયુગના જૂજ સિક્કાઓ મળ્યા છે. એટલે આ બાબતમાં કઈ નિશ્ચિત કહી શકાય તેમ નથી. છતાં 'દ્રમ'નો નાણાંનો મુખ્ય સિક્કા તરીકે ઉપયોગ થતો હોવાનો ઉલ્લેખ છે. તે સોનાના કે ચાંદીના હોવાની શકયતા છે. આ ઉપરાંત સાહિત્ય તથા અભિલેખોમાં નિષ્ક, રૂપક, કાર્ષાપણ વગેરે સિકાઓનો નિર્દેષો પણ છે.

**16.2.6 લોકોની આર્થિક સ્થિતિ :**

આ યુગની સમૃદ્ધ ખેતીવાડી, વિકસિત ઉદ્યોગ-ધંધા તથા ખીલેલા વેપાર-વાણિજયને લીધે લોકોની આર્થિક સ્થિતિ એકંદરે સંતોષકારક હતી. ધીકતા વેપારને લીધે અમુક વેપારીઓ કરોડપતિ બન્યા હતા. એમના મકાનો ઉપર કોટિ ધ્વજ ફરક્તો. ઉદયન, વિમલ તથા વસ્તુપાલ-તેજપાલ જેવા મંત્રીઓ કરોડો રૂપિયાના ખર્ચે મંદિરો બંધાવ્યા હતા. આશરે 16-17માં સૈકામા લખાયેલ 'નાભિનંદનોદ્ધાર પ્રબંધ' એક વેપારીએ ગુજરાતનાં કરેલા વર્ણનમાં ત્યાં દરેક પ્રકારના ધાન્ય, કઠોળ, શાકભાજી, ફળફૂલ વગેરેની પેદાશોનો ધીકતા વેપાર-રોજગાર, ગામેગામ અન્નક્ષેત્રો અને પરબો તથા કૂવા-વાવ હોવાનો, સમૃદ્ધ ગામડાં તથા વૈભવશાળી નગરોના અસ્તિત્વનો ઉલ્લેખ કરેલ છે. આમ છતાં, સામાન્ય લોકોની સ્થિતિને લગતા ખાસ નિર્દેશ નથી. વ્યાજનો દર ૨૪ ટકા જેટલો ઊંચો હોવાની નોંધ સાધનોમાથી મળે છે. દેણદારો અને લેણદરોના ઉલ્લેખો પણ સામાન્ય છે. છતાં તે સમયે ગુજરાતનાં લોકો આર્થિક રીતે સુખી હોવાના પૂરતા પુરાવાઓ સાંપડે છે.

## 16.3 સોલંકી વાઘેલા સમયની સામાજિક સ્થિતિ :

ઇ.સ. 942 થી 1304 સુધીના સમયગાળામાં અગાઉના કાલોની તુલનાએ ઐતિહાસિક સાધનોનું બહુમૂલ્યો છે. સાહિત્યિક સામગ્રી વિપુલ પ્રમાણમાં મળે છે અને અભિલેખો આદિ સામગ્રી તો પૂર્વવત ઉપલબ્ધ છે. જો કે સામાજિક, આર્થિક, સાંપ્રદાયિક જીવનના અમુક અંગો માટેની માહિતી અલ્પ છે. તો પણ આ કાલ માટે સાધનોની વિરલતા છે. એમ એકંદરે કહી શકાશે નહિ. સોલંકીકાલના સામાજિક ચિત્ર દોરવાનું કર્યા ઓછું કઠિન છે.

સોલંકી-વાઘેલાકાલીન સામાજિક સ્થિતિનો યોગ્ય ખ્યાલ સાહિત્યો, શિલ્પો તથા અભિલેખોમાંથી મળે છે. તેનો વર્ગો, જ્ઞાતિ, ખોરાક, પોશાક, અલંકારો, રીતરિવાજો, મોજશોખ વગેરેનો ઉલ્લેખ મળે છે.

**16.3.1 વર્ણ, વર્ગ અને જ્ઞાતિ**:

પ્રાચીન સમયની વર્ણ વ્યવસ્થા ભારતના અન્યભાગો ની જેમ ગુજરાતમાં પણ નામની જ રહી હતી. વર્ણોમાથી અનેક જ્ઞાતિઓ-પેટા જ્ઞાતિઓ અસ્તિત્વમાં આવી હતી. બ્રાહ્મણમાં નાગર, ઔદિચ્ય, મોઢ વગેરેનો સાધનો નિર્દેશ કરે છે. નાગરોના પેટા વિભાગોના નામ પણ મળે છે. ક્ષત્રિયો અને રાજકુલોમાં ચૌલુકયો (સોલંકીઓ), ચાહમન (ચૌહાણ), પરમાર, કાઠી, ચૂડાસમાં, ગૂહિલ, મહેર (મેર) વગેરેના વર્ણોનો સામાન્ય છે. વૈશ્યોમાં પ્રગવાટ (પોરવાડ) અને શ્રીમાળી જ્ઞાતિઓ મહત્વની ગણાતી. આ સમયમાં ગુજરાતમાં જૈનોની વસ્તી વધી હતી. તથા તેમની વણિક જ્ઞાતિ ઊભી થઈ હતી. તેઓ મહત્વના રાજકીય અને ધંધાકીય સ્થાન ધરાવતા હતા. કાયસ્થોં (લાહિયાઓ)નો એક અલગ વર્ગ પ્રચલિત થયો હતો. ક્ષુદ્રો અનેક જ્ઞાતી-વર્ગોમાં વહેચાયેલા હતા. ખેડૂત, સુથાર, કડિયા, મેર, કુંભાર વગેરે મુખ્ય વર્ગો હતા. સામાજિક તથા વ્યવહારમાં જ્ઞાતિભેદ, ઊંચ-નીચના ભેદભાવો માલૂમ પડતાં હતા. દ્રયાશયના વર્ણન પ્રમાણે ચાંડાલોનો વાસ ગામની બહાર રાખતા તેઓ અસ્પૃશ્યો ગણાતા તથા તેઓને ગામમાં દાખલ થતી વખતે પોતાની ઓળખ માટે અમુક ચિન્હો રાખવા પડતાં. તેઓ સફાઈનું, ચામડા ક્માવાનું, અપરાધીઓનો વધ કરવાનો કાર્ય કરતાં.

દ્રયાશયમાં આભીર, કિરાત, ધીવાર, ચાંદલ, ચીન, બર્બર, જાંગલ, નિષાદ, ભિલ્લ, મ્લેચ્છ, તુરુષ્ક, યવન, શક, શબર, હૂણ, ટકક, માહેય અને ખાસ જાતિઓનો નિર્દેશ આવે છે. સ્મૃતિપ્રોક્ત ચાતુર્વર્ણ્યની વ્યવસ્થા, અગાઉની જેમ આ કાળમાં પણ એકંદરે પ્રચલિત હતી. પરંતુ નોંધપાત્ર સામાજિક ફેરફાર એ કે નાતોના વાડા બંધાવા લાગ્યા હતા.

**16.3.2 લગ્ન, પુનઃલગ્ન, સતીપ્રથા** :

આ યુગમાં લગ્ન નાની વયે થતાં. વડીલો લગ્ન ગોઠવતા. ધનિકો બે થી ચાર પત્નીઓ કરતા. વધારે કન્યાઓનો પિતા કમનસીબ ગણાતો. દ્રયાશય લગ્ન પ્રથાનું વિસ્તારતાથી વર્ણન કરે છે. જે હાલની લગન પ્રથા ને લગભગ મળતું આવે છે. વર અને અણવરની મશ્કરી કરતા ગીતોનો પણ ઉલ્લેખ મળે છે. પતિનું અવસાન થતાં સામન્ય રીતે સ્ત્રી વૈધવ્ય પાળતી. પુનઃવિવાહ અપવાદરૂપ બાબત હતી. શેઠ જગડુશાએ પોતાની વિધવા પુત્રીને ફરી પરણાવવાનો વિચાર કર્યો ત્યારે તેમના ઘરની વૃદ્ધ વિધવાઓએ તેમને તેમ કરતા રોક્યા હતા. પરંતુ વસ્તુપાલ અને તેજપાલની વિધવા માતા કુમારદેવીએ અશ્વરાજ સાથે પુનઃલગ્ન કર્યાનું દ્રષ્ટાંત મળે છે. પુનઃ વિવાહની માફક છૂટાછેડા પણ કવચિત થતાં. તે માટે રાજ્યના ઢૌનપત્ર (અનુજ્ઞા-પત્ર)ની આવશ્યકતા રહેતી. સતીનો રિવાજ ચાલુ હતો. જૂનાગઢના રા'નૌઘણની વિધવા રાણી રાણકદેવી વઢવાણ પાસે ભોગવાને કિનારે સતી થઈ હતી. યુદ્ધમાં વીરગતિ પામનાર યોધ્ધાની સ્ત્રી સતી થતી તો તેના પાળીયા મૂકાવતા.

**16.3.3 આચાર-વિચાર, નીતિમત્તાનું ધોરણ** :

પતિવ્રતા સ્ત્રી સન્માનીય ગણાતી. પરંતુ કુલિન કુટુંબોની સ્ત્રીઓની નીતિમત્તાનું ધોરણ એકંદરે નીચું હતું. તેમનામા શિથિલતાના દ્રષ્ટાતો જોવા મળે છે. લવણપ્રસાદની પત્ની મદનરાજ્ઞનીએ પોતાને પુત્ર હોવા છતાંએ પોતાના ઘરભંગ થયેલ બનેવીનું ઘર માંડ્યુ હતું. રજાઓ અનેક

રાણીઓ કરતા તથા ઉપપત્નીઓ પણ રાખતા. ભીમદેવ પહેલા એ બકુલા નામે ગણિકા ને પોતાના અંતઃપૂરમાં રાખી હતી. જ્યારે કર્ણદેવ પહેલાએ એક હલકા કુળની સ્ત્રી પ્રત્યે અનુરાગ થયો હતો. સમાજમાં ગણિકા ગૃહો, દેવદાસીઓના આવાસો, મદિરા ગૃહો અને જુગારખાના સામાન્ય હતા. કુમારપાળે ચોરી, વ્યભિચાર, જુગાર, મદિરા, માંસાહાર જેવા સામાજિક અનિષ્ટો સામે કડક પગલાં લીધેલા. પરંતુ ગણિકા ગૃહો તથા દેવદાસી પ્રથાના અસ્તિત્વ પ્રત્યે ઉપેક્ષા સેવી હતી. દેવદાસીઓ મંદિરોમાં કે મંદિરની બાજુમાં રહેતી, તથા સંગીત, નૃત્યો વગેરેથી લોક મનોરંજન કરતી. દાસ તથા દાસી પ્રથા અસ્તિત્વમાં હતી. દાસીને જાહેરમાં વેચવામાં આવતી. તથા તેને માલિકને ત્યાં ઘરના તમામ પ્રકારના હલકા-ભારે કામ કરવા પડતાં. દુષ્કૃત્ય કે ભારે કુટેવ બદલ કુટુંબના સભ્યને ઘરમાંથી બહિષ્કૃત કરવામાં આવતું તથા તે પછી તેની સાથે તેના સગાવહાલા કોઈ પણ પ્રકારના વયવહાર કરતા નહીં. મિલકતની વહેચણી અને વારસાને લગતા ચોક્કસ નિયમો હતા તથા તે માટેના રીતસર દસ્તાવેજ કરવા પડતાં.

**16.3.4 ખોરાક-પોશાક:**

મેરુતુંગ, હેમચંદ્રાચાર્ય, માર્કોપોલો વગેરેના લખાણ મુજબ સોલંકી સમયમાં ગુજરાતનાં લોકો ઘઉં, ચોખા, કઠોળ, શાકભાજી, દૂધ, દહીં, છાશ, ઘી, મીઠાઇ, માંસ વગેરેનો આહાર લેતા. નીચલા થરના લોકો જવ, કોદરા, બાજરી, ચણા વગેરેનો ખોરાક લેતા. મીઠાઇમાં મોદક (લાડુ), અપુપ (પુડલા), ખાજા, બાસૂંદી, સાથવો, હલવો વગેર અને ફરસાણમાં વડા, વડી, વગેરેનો ઉલ્લેખ મળે છે. માંસાહાર અને મદિરાપાન સામન્ય હતા. રાણીઓ પણ છૂટથી દારૂ પીતી. સોલંકી યુગમાં સાહિત્ય, પ્રવાસીઓના વર્ણનો, શિલ્પો, ચિત્રો વગેરે પરથી માલૂમ પડે છે કે પુરુષો ટૂંકું કિનારીવાળું ધોતિયું પહેરતા. ખભા પર ઉત્તરીય (ઉપરણું) રાખતા. પાઘડી પહેરતા તથા કમરબંધ પણ બાંધતા. તેઓ ગરમી તથા વરસાદથી રક્ષણ મેળવવા છત્રી ઓઢતા. રાજાઓ અને ધનિકો સૂરવાલ અને અંગરખુ પહેરતા. સ્ત્રીઓ ખાસ કરીને સાડી કે ઓઢણી, ચોળી, કાંચળી કે ચણિયો પહેરતી. બહુધા ઊંચા કુળની સ્ત્રીઓ 'નિરંગી' નામે વસ્ત્રથી પોતાનું મુખ ઢાંકતી. સ્ત્રીઓની સાડીઓ ભરત તથા ચિત્રોના સુશોભનથી ખૂબ સુંદર લાગતી.

**16.3.5 શૃંગાર અને અલંકાર:**

સ્ત્રીઓના શૃંગારના સાધનોમાં કાજલ, કંકુ, ચંદન, અત્તર, સુગંધ, તેલ વગેરે મુખ્ય હતા. સ્ત્રી તથા પુરુષ બંનેને પાનનો ઘણો શોખ હતો. સોપારી અને કપૂરની સુગંધિત તાંબુલ (પાન) સામાન્ય વપરાશની ચીજ હતી. નાગરવેલના પાનની પેદાશ માટે ચોરવાડ-માંગરોળનો પ્રદેશ વિખ્યાત હતો. કંઠ, કાન, કર, ચરણ, મસ્તક વગેરે ઉપર દામણી, એકવાળી, રત્નાવલી, હાર, માલા, મુક્તાવલી, કુંડલ, બુટી, કંદોરો, વીંટી, વલય, બ્રેસલેટ, કંકણ, ચૂડી, નિપુર, સાંકળા, ચૂડામણિ વગેરે અલંકારો પહેરવાનો રિવાજ હતો. તિલકથી સ્ત્રી પુરુષ દેહશોભામાં અભિવૃદ્ધિ કરતાં. ઊંચા વર્ગની સ્ત્રીઓ હીરામોતીના દાગીના પહેરતા.

**16.3.6 ઉત્સવો, રમતો, નાટ્યપ્રયોગો :**

સોલંકી સમયમાં લોકો વિવિધ ઉત્સવો ઊજવતાં. દિવાળી તથા બેસતા વર્ષના દિવસે સારા કપડાં પહેરીને મીઠાઇઓ ખાઈને ઉજવતા, ત્યારે લોકો વડીલોને નમસ્કાર કરતાં. સ્ત્રીઓ, પુત્રો,

પુત્રોવધુઓને ચંદનથી વધાવી આશિષ આપતા. શરદોત્સવ, નવરાત્રિ, વિજયાદશમી, વસંતોત્સવ તથા હોળી પણ ધામધૂમ થી ઊજવતાં. જુગાર રમવાના ખાસ મથકો હતા. સ્ત્રીઓ પણ જુગાર રમતી. પંચિકા નામનો જુગાર ખૂબ પ્રચલિત હતો. તે પાંચ સળીઓ કે પાંચ પાસાંથી રમતો. શિકારનો શોખ જાણીતો હતો. શિકારીઓ કૂતરાની સહાયથી જાનવરોનો શિકાર કરતા. આખલાઓની સાઠમારી, કૂકડા-યુદ્ધ, વાહનો દોડાવવાની શરતો વગેરે પણ પ્રચલિત હતી. યુવાનો ગેડીદડાની રમત રમતા. છોકરા અને છોકરીઓને સંતાકૂકડીની રમત ખૂબ ગમતી. હિંચકો આનંદ નું સાધન હતું. જલક્રીડા તથા બગીચામાં ભ્રમણ પણ સામાન્ય હતા. ધનિક લોકો આવવા જવા માટે પાલખી કે રથનો ઉપયોગ કરતા. લોકો પણ ઘોડા ઉપર જતાં.

મોટા દેવસ્થાનોમાં રંગ મંડપ કે પ્રેક્ષકગૃહો રાખતા. તેમાં ધાર્મિક ઉત્સવો સમયે નાટક, નાટકો ભજવતા, રાજાઓ, સામંતો અને અધિકારીઓએ સમક્ષ પણ નાટકો ભજવાતાં. જાહેર નાટ્યગૃહો પણ હતા. સંગીત, વાદ્ય, નૃત્ય, અંગવિદ્યા વગેરે પણ પ્રચલિત કળાઓ હતી. ગુજરાતમાં તે વખતે 30 ઉપરાંત નાટકો ભજવવા માટે રચાયા હતા. જેમના લગભગ બધા જ ભજવાયા નાટકો હતા.

**16.3.7 વહેમો અને ચમત્કારો** :

આ સમયે સમાજમાં વહેમો અને ચમત્કારો બહોળા પ્રમાણમા ફેલાયેલા હતા. તેવું દ્રયાશ્રય અને અન્ય સાધનો પરથી જાણવા મળે છે. ભૂત, પ્રેત, રાક્ષસ, પિશાચ, વગેરેમાં લોકો માનતા. દિવસે તારાનું દર્શન અપશુ નિયાળ મનાતું. નજર લાગવાનો વહેમ પણ ખૂબ પ્રચલિત હતો. ભીમદેવ પહેલાનો પુત્ર મૂળરાજને નજર લાગવાથી અકાળ અવસાન પામ્યો હોવાનું મનાતું. બકરા, ગધેડા વગેરની રજ અશુભ મનાતી. જ્યારે દૂઝણી ગાય, પાણી ભરેલા ઘડા સાથે સામે મળતી સ્ત્રી વગેરે શુભ શુકન મનાતા. આંખના ફરકાટ, ચીબરી પક્ષીઓની બોલી વગેરે પરથી પણ શુકન કે અપશુકન જોવાતા. વળી સમાજમાં ચમત્કારોને લગતી માન્યતા પણ પ્રચલિત હતી. દ્રયાશ્રયમાં હેમચંદ્રાચાર્ય જેવા મુનિએ પણ સિદ્ધરાજના ચરિત્ર નિરૂપણ ની સાથે બર્બરક, નાગ, યોગિની વગેરેના ચમત્કારો વણી લીધા છે. કુમારપાલના જીવનમાં પણ આવા ચમત્કારોને સ્થાન આપવામાં આવ્યુ છે.

**16.4 સોલંકી વાઘેલા સમયની સાંસ્કૃતિક સ્થિતિ** :

કોઈપણ પ્રજાનો ઈતિહાસ એટલે, પ્રજાજીવનમા બનેલ રાજકીય ઘટનાઓની અનુપૂર્વી નહીં, સંધિવિગ્રહની સાલવારી નહીં, પરંતુ પ્રજાજીવનના વિવિધ ક્ષેત્રોમાંના સંચાલનો, એ સંચાલનો ઘડનાર અનેકવિધ પરિબળો, સંવેદનો અને સંવેદનોને અભિવ્યક્તિ આપનાર વિવિધ આવિષ્કારો તથા પ્રજાજીવનની આંતર અને બાહ્ય સિદ્ધિ અને સમૃદ્ધિને કટિબદ્ધ રીતે રજૂ કરતો અહેવાલ. પશુસમા જીવન જીવતો પામર માનવ ભૌતિક અને આધ્યાત્મિક વિકાસ સાધતો. આજની સ્થિતિ ક્યા ક્યા તબક્કામાથી પસાર થઈ સત્ય, શિવ અને સુંદરના પરમતત્વને પ્રાપ્ત કરવા મથી રહ્યો છે તેનું આલેખન એટલે પ્રજાજીવનની સંસ્કૃતિના વિકાસનો ઇતિહાસ અને એમાં રાજકીય ઈતિહાસ તો પાસું માત્ર છે.

### 16.4.1 ભાષા અને શિક્ષણ :

સોલંકીયુગમાં સાહિત્ય તથા કાળનો નોંધપાત્ર વિકાસ થયો. સંસ્કૃત એ વિદ્વાનોની ભાષા હતી. મોટાભાગના અભિલેખો સંસ્કૃતમાં લખાયેલા હતા. પ્રાકૃત અને અપભ્રંશએ લોકભાષાઓ હતી. આ ભાષાઓમાં મુખ્યત્વે કરીને, જૈન મુનિઓએ અનેક કૃતિઓ રચીને આ યુગના સાહિત્ય સર્જનમાં ઘણો કીમતી ફાળો આપ્યો. આમાં હેમચંદ્રાચાર્યનો ફાળો શ્રેષ્ઠ કહી શકાય. અણહિલપુર પાટણ વિદ્યા અને સાહિત્યનુ મુખ્ય કેન્દ્ર હતું. સિદ્ધરાજ, કુમારપાળ વગેરે સોલંકી રાજાઓએ વિદ્યા અને સાહિત્યને સારો એવો વેગ આપ્યો. આથી આ યુગમાં વૈદિક અને જૈન સાહિત્યનો નોંધપાત્ર વિકાસ થયો. મહાઅમાત્ય વસ્તુપાલે આજ ક્ષેત્રમાં ગણના પત્ર હિસ્સો આપ્યો. પોતે કવિ અને લેખક ઉપરાંત કવિઓ અને વિદ્વવાનોના આશ્રયદાતા હતો. આ યુગમાં કાવ્ય, નાટક, અલંકાર, તર્કશાસ્ત્ર, ન્યાય, વેદાંત, કોશ, વ્યાકરણ વગેરેનું સર્જન થયું.

આ યુગના શિક્ષણમાં શબ્દશાસ્ત્ર, તર્કશાસ્ત્ર, કાવ્યશાસ્ત્ર, જૈનદર્શન, વેદશાસ્ત્ર વગેરે મુખ્ય વિષયો હતા. સિદ્ધરાજના સમયમાં સહસ્ત્રલિંગ તળાવના કિનારે એક મોટું વિદ્યાધામ હતું. વિસલદેવે રાજ્યાશ્રય આપેલ કવિ નાનક પાટણમાં 'સરસ્વતીસદન' નામે વિદ્યાકેન્દ્ર ચલાવતા હોવાનો ઉલ્લેખ સમકાલીન સાધનો કરે છે. આ ઉપરાંત ધોળકા, સોમનાથ, પાટણ તથા ખંભાતમાં પણ આવા વિદ્યાધામો હતા.

### 16.4.2 સાહિત્ય અને સાહિત્યકારો :

સોલંકી અને વાઘેલા રાજાઓએ વિદ્યા અને સાહિત્યને આપેલા રાજયાશ્રયને લીધે આ યુગમાં અનેક કવિઓ અને સાહિત્યકારો થયા. ભીમદેવ પહેલાના સમયમાં શાંતિસૂરી તથા શૂરાચાર્ય જાણીતા વિદ્વાન કવિઓ થયા. લાટના કવિ શોઢલે 'ઉદય સુંદરી' નામે વિખ્યાત થયેલી ચંપૂ (ગદ્ય-પદ્ય)ની રચના કરી. કરણદેવના સમયમાં પ્રખ્યાત કાશ્મીરી કવિ બિલ્હણ પાટણમાં આવ્યો હતો, ત્યાં તેને 'કર્ણસુંદરી' નામે નાટકની  રચના કરી. જે કર્ણદેવના મયણલ્લ દેવી (મીનળ દેવી) સાથેના લગ્નને ઉદેશીને લખાયેલી છે. તે પછી બિલ્હણ કલ્યાણના ચાલુક્ય રાજા વિક્રમાંકદેવના આશ્રયે રહ્યો. ત્યાં તેને પોતાનો જાણીતો ગ્રંથ 'વિક્રમાંકદેવચરિત' લખ્યો. જૈન આગમો પર ટીકાઓ લખીને ખ્યાતિ મેળવી.

સિદ્ધરાજ જયસિંહ વિદ્વાનોનો આશ્રયદાતા હતો. તેમની રાજસભાના દેવસૂરીએ અમુક વિદ્વાનોને વાદ વિવાદમાં પરાજય આપ્યો હતો. તથા કેટલાક ગ્રંથો લખ્યા હતા. કવિવર શ્રીપાલનો સિદ્ધરાજ પોતાનો બંધુ માનતો. સિદ્ધરાજે તેની કવિત્વશક્તિથી ખુશ થઈ ને તેને કવિ ચક્રવર્તીનું બિરુદ આપ્યુ હતું. તેણે સહસ્ત્રલિંગ તળાવ, રુદ્રમહાલય તથા આનંદપુર (વડનગર)ના કોટની પ્રશસ્તિઓ લખેલી છે. સિદ્ધરાજની રાજસભામાં અન્ય વિદ્વાનો પણ બીરાજતા. તેઓ તર્ક, ન્યાય, વ્યાકરણ, અલંકાર વગેરેના જ્ઞાતા હતા.

### 16.4.3 હેમચંદ્રાચાર્ય અને તેમનું શિષ્યમંડળ :

સિદ્ધરાજ અને કુમારપાળના સમયના વિદ્વાનોમાં જૈનમુનિ હેમચંદ્રચાર્ય સૌથી અગ્રસ્થાન ધરાવે છે. તે માત્ર ગુજરાતમાં જ નહી પરંતુ ભારતના વિદ્વાનોમાં પણ વિખ્યાત થયેલા છે. તેમનો

જન્મ ધંધુકામાં સંવત 1145માં થયો હતો અને તેમને સંવત 1166માં સૂરિપદ પ્રાપ્ત થયું હતું. સિદ્ધરાજની પ્રેરણાથી 'સિદ્ધહેમચંદ્ર શબ્દાનુશાસન' નામે વ્યાકરણનો સુપ્રસિદ્ધ ગ્રંથ રચ્યો. આ લખવા માટે સિદ્ધરાજે તેમને કાશ્મીર અને અન્ય વિદ્યાકેન્દ્રોમાંથી વ્યાકરણને લગતા ગ્રંથ મંગાવી આપ્યા હતા. સિદ્ધરાજે આ ગ્રંથની નકલો કરાવી દેશના જુદા જુદા પ્રદેશોમાં મોકલ્યા હતા. આ ગ્રંથમાં સંસ્કૃત, પ્રાકૃત તથા અપભ્રંશ ભાષાઓના વ્યાકરણનુ આલેખન કરવામાં આવ્યું છે. ત્યારબાદ તેમણે 'અભિધાન ચિંતામણિ' અને 'અનેકાર્થસંગ્રહ' નામે સંસ્કૃત કોશ રચ્યાં હતા. દેશી શબ્દોને લગતો એક 'દેશીનામમાલા' નામે કોશ પણ તેમણે તૈયાર કર્યો હતો. તેમણે રચેલું 'દ્રયાશ્રય' કાવ્ય સોલંકીયુગનો ઈતિહાસ જાણવા માટે ઘણુ ઉપયોગી પુસ્તક ગણાય. આ પછી તેમણે 'કાવ્યાનુશાસન' અને 'છંદાનુંશાસન' અનુક્રમે કાવ્યશાસ્ત્રની સુંદર છણાવટ અને સંસ્કૃત, પ્રાકૃત તથા અપભ્રંશ છંદોની સમજૂતી આપી છે. કુમાળપાળના રાજય અમલ દરમ્યાન તેની વિનંતીથી 'ત્રિષષ્ટિશલાકાપુરુષચરિત' અને 'વીતરામસ્ત્રોત'નુ સર્જન કર્યું. એકંદરે આ ગ્રંથો જૈનધર્મોને સ્પર્શતા છે.

પરમ વિદ્વાન હેમચંદ્રાચાર્યએ આ પ્રમાણે સાહિત્ય અને વિદ્યાના ક્ષેત્રોમાં અપૂર્વ ફાળો આપ્યો છે તે સમગ્ર ગુજરાતના માટે ગૌરવરૂપ છે. એવું મનાય છે કે જ્ઞાન વિજ્ઞાનની લગભગ તમામ શાખાઓ પર તેઓ પ્રભુત્વ ધરાવતા હતા અને તેથી તેઓ 'કવિકાલસર્વજ્ઞ' કહેવાતા.

આ મહાવિદ્વાન હેમચંદ્રાચાર્યના સંખ્યાબંધ શિષ્યોએ પણ સાહિત્ય અને વિદ્યા દ્વારા ગુજરાતના પ્રકાશને વધુ દેદીપ્યમાન બનાવ્યો હતો. તેમાં નાટયકાર રામચંદ્ર કે જેઓ એ અગિયાર નાટકો લખ્યા છે. તેઓ નોંધપાત્ર છે. તેમણે આ ગુણધર્મ સાથે સર્જેલુ નાટયદર્પણ' નામનું પુસ્તક નાટ્યશાસ્ત્રના ગ્રંથોમાં ઉચ્ચ સ્થાન ધરાવે છે. હેમચંદ્રના અન્ય વિદ્વાન શિષ્યોમાં 'ચંદ્રલેખાં વિજય પ્રકરણ' ના લેખક દેવચંદ્ર, મહેન્દ્રસૂરી વર્ધમાનગણિ, ઉદયચન્દ્ર, યશચંદ્ર અને બાલચંદ્ર નોંધપાત્ર છે.

અજયપાળના સમયમાં 'મોહરાજપરાજય'નો પ્રસિદ્ધ લેખક યશપાલ ઉલ્લેખનીય છે. આબુના રાજા ધારાવર્ષનો ભાઈ પ્રહલાદનદેવ પણ પોતાની 'પાર્થપરાક્રમવ્યાયોગ' નામની કૃતિને માટે પ્રસિદ્ધ છે.

**16.4.4 વસ્તુપાલનું સાહિત્યમંડળ** :

વાઘેલા સમય દરમિયાન વસ્તુપાલ-તેજપાલ ભાઈઓએ પોતે સાહિત્યવિદ્યામાં ઊંડો રસ લઈને ફરી એકવાર જ્ઞાનની ગંગાને જોસભેર વહેતી કરી હતી. વસ્તુપાલ પોતે એક સારો સાહિત્યકાર હતો. તેને અનેક સાહિત્યકારો, કવિઓ અને વિદ્વાનોને આશ્રય આપ્યો હતો. તેના આશ્રિતોમાં કવિ સોમેશ્વર સૌથી મહત્વનો છે. તેને 'સુરથોત્સવ' અને 'કીર્તિકૌમુદી' નામના બે મહાકાવ્યોની રચના કરી હતી. આ સિવાય કવિ હરિહર પણ પ્રસિદ્ધ હતો.

કવિ નાનકે પણ અનેક કૃતિઓ સર્જેલી. તે ઘણો જ વિદ્વાન હતો. અમર ચંદ્રસૂરિ વિસલદેવના સમયના એક જાણીતા વિદ્વાન હતા. 'બાલભારત' અને 'કાવ્યકલ્પલતા' તેમના પ્રસિદ્ધ ગ્રંથો છે. 'જિનેન્દ્રચરિત' પણ તેમનું મહત્વનુ પુસ્તક છે. જેમાં ચોવીસ તીર્થંકરોના સંક્ષિપ્ત ચરિતો

નિરૂપવામાં આવ્યા છે. 'સુકૃતસંકીર્તન'નો પ્રસિદ્ધ લેખક અરિસિંહ અમરચંદ્રને સાહિત્યસૃષ્ટિમાં પ્રવેશ કરાવનાર ન્તો. ઉદયપ્રભસૂરિ પણ એક પ્રસિદ્ધ લેખક હતા. તેમની પ્રસિદ્ધ કૃતિઓમાં 'સુકૃતકિર્તિકલ્લોલિની' અને 'ધર્માભ્યુદય'નો સંવેશ થતી છે. ત્યારબાદ 'વસંતવિલાસ' દ્વારા વસ્તુપાલનું ચરિત આલેખનાર બાલચંદ્ર અને 'હમ્મીરમદમર્દન'ના પ્રસિદ્ધ લેખાં જયસિંહસૂરિ નોંધપાત્ર છે તેજપાલની પત્ની અનુપમાદેવી 'ષડદર્શનમાતા' ગણાતી જયારે વસ્તુપાલનો પુત્ર જયંતસિંહ પણ વિદ્યાવ્યાસંગી હતો.

આમ ગુજરાતમાં આ સમય દરમિયાન સાહિત્યનુ પુષ્કળ ખેડાણ થયેલું જણાય છે. અને તેમાં સિદ્ધરાજ, કુમારપાળ તથા વસ્તુપાલનો ફાળો ખૂબ જ નોંધપાત્ર છે તે હકીકત કોઈ પણ ઇન્કારી શકે તેમ નથી. સાહિત્યનો આ અખૂટ ખજાનો અને આ સર્વાંગી વિકાસ આપણે સમકાલીન ગુજરાતની બુદ્ધિપ્રતિભાનો પણ પરિચય કરાવે છે. સાહિત્યની વિવિધ શાખાઓમાં થયેલું વિપુલ ખેડાણ એ આ યુગનો સમૃદ્ધ વારસો છે. શ્રી અંબાલાલ શાહ નોંધે છે તે રીતે "આ સમયનું ઉપલબ્ધ સાહિત્ય પાંડિત્યપૂર્ણ છે. ભાષાકીય ગુણવત્તા, વિષયનું વૈવિધ્ય અને સંખ્યાની દ્રષ્ટિએ બીજો કોઈ પ્રદેશ ભાગ્યે જ એની સ્પર્ધામાં ઉતરી શકે એમ છે.

**16.4.5 સ્થાપત્ય અને કલાઓ** :

સોલંકીયુગે સ્થાપત્યના ક્ષેત્રે વિશિષ્ટ સિદ્ધિ પ્રાપ્ત કરી હતી. અનેક ઉત્તમ નમૂનાઓનું સર્જન આ સમયમાં થયેલું આપણને જણાય છે. મૂળરાજના સમયથી જ આ પ્રવૃતિને પ્રાણ મળ્યા હતા. મૂળરાજ માટે એમ કહેવામાં આવે છે કે તેને પાટણ, સિદ્ધપુર વગેરે સ્થળોમાં શિવ તથા વિષ્ણુના મંદિર બંધાવ્યા હતા. જોકે એમાંનુ કોઈ મંદિર આજે ભગ્નાઅવસ્થામાં પણ મોજૂદ નથી. મૂળરાજનું સૌથી નોંધપાત્ર બાંધકામ છે સિદ્ધરાજનો રુદ્રમહાલય. એ ચોક્કસ હકીકત છે ક આ મહાલયને આખરી સ્વરૂપ સિદ્ધરાજના સમયમાં અપાયેલું હતું. મૂળરાજના પુત્ર ચામુંડરાજ અને દુર્લભરાજે પણ કેટલાક મંદિરો બંધવ્યા હતા તેવા ઉલ્લેખ મળે છે. આ દુર્લભરાજે બંધાવેલું દુર્લભ સરોવર અને આગળ જતા સિદ્ધરાજે બંધાવેલ સહસ્રલિંગ સરોવર વિશે આપણે આગળ જાણ્યું. સોલંકીઓની અનોખી શૈલી ભીમદેવ પહેલાના સમયથી જ જણાય છે. કલાવિવેચકો આમાં રાજસ્થાની શૈલીની સ્પષ્ટ અસર જુએ છે. આ સમય દરમિયાન ગુજરાત અને રાજસ્થાનના જે ઘનિષ્ઠ સંબંધો હતા તે જોતાં સંસ્કૃતિના વિવિધ વિભાગોમાં બંનેએ એકબીજા પર અસર કરી હોય તે સ્વાભાવિક છે. ભીમદેવના સમય દરમિયાન મહમંદ ગઝનવીએ સોમનાથનું પ્રસિદ્ધ મંદિર તોડી પાડ્યું. ત્યાર બાદ ભીમદેવે તે જ સ્થળે પથ્થરનું નવું સુંદર મંદિર બંધાવ્યું હતું. જો કે આ મંદિરનો ત્યાર બાદ અમુક વખત જ જીર્ણોદ્ધાર થયો હતો. ભીમદેવના રાજ્યકાલ દરમ્યાન જેને સૌથી મહત્વનુ બાંધકામ ગણાવી શકીએ તે છે મોઢેરાનું સૂર્યમંદિર. આ મંદિરના ગર્ભગૃહને ફરતો પ્રદક્ષિણા માર્ગ છે. પ્રભાતના સૂર્યકિરણો મંદિરના આંતરિક ભાગને પ્રકાશિત કરે છે. સૂર્યદેવની મૂર્તિ આજે તો આ મંદિરમાં નથી, પરનું સૂર્યમુર્તિના પીઠનો સાત અશ્વની આકૃતિવાળો પથ્થર ત્યાં મોજૂદ છે. આ ગર્ભગૃહ પર ખંડિત થયેલી અવસ્થામાં શિખર પણ જણાય છે. આગળના મંડપમાં અષ્ટકોણ આકારે ગોઠવેલા આઠ મુખ્ય સ્તંભો જોવા મળે છે. મોટા પ્રમાણમાં બારિક શિલ્પ પણ જોવા મળે છે. કેટલાક વિભાગોમાં

સાંસ્કારિક જીવનના શૃંગારપ્રધાન દ્રશ્યો પણ જોવા મળે છે. પ્રદક્ષિણામાર્ગના ગોખલાઓમાં સુરદેવની બાર પ્રતિમાઓ કોતરેલી છે. મંદિરની બહાર દીવાલો પર દેવદેવીઓની સુંદર આકૃતિઓ જોવા મળે છે. એક બહારના સભામંડપ પાછળથી ઉમેરાયેલો હોય તેમ લાગે છે. એક કૃતિતોરણ પણ એજ પ્રમાણે ભગ્નાવસ્થા જણાય છે. મંદિરની અંદર એક મોટો લંબચોરસ કુંડ છે. તેમાં ચો તરફથી ઊતરવા માટે પગથિયાં છે અને વચમાં ક્યાક ક્યાંક નાની દેરીઓ છે.

સૂર્યમંદિરના બાંધકામ બાદ લગભગ પાંચ વર્ષ પછી દેલવાડા (આબુ)માં ભીમદેવના દંડનાયક વિમલમંત્રીએ આદિનાથનું ભવ્ય મંદિર બંધાવ્યું. કલાકારીગરીની દ્રષ્ટિએ આ મંદિર સમગ્ર ભારતમાં ઊચા સ્થાન પામે છે. આ મંદિરને વિમલસહીના નામથી ઓળખવામાં આવે છે. આ મંદિરનો રંગમંડપ અંતે તેની છતઅપૂરવા શિલ્પકળાના દર્શન કરાવે છે. શીલમાં સેરવા સ્થળે ધાર્મિક કથાઓ નિરુપવામાં આવી છે. મુખ્ય મંદિરને ફરતે પ્રદક્ષિણા માર્ગમાં બાવન ડેરીઓમાં જુદા જુદા તીર્થંકરોની પ્રતિમાઓ છે. બબ્બે સ્તંભો વચ્ચે સુંદર કલાકૃતિપૂર્ણ તોરણો છે. મંદિરમાં આરસના કુલ 121 સ્તંભો છે. આ મંદિરમાં હસ્તીશાલા પણ છે. એવું માનવામાં આવે છે હસ્તીશાલા પૃથ્વીપાલે કુમારપાલના સમયમાં પોતાના પૂર્વજોના સ્મારક રૂપે કરવી છે. તેમાં સૌ પ્રથમ વિમલની પ્રતિમા છે અને તેની આસપાસ પૃથ્વીપાલ સહિત તેના પૂર્વજો અને વંશજોની પ્રતિમાઓ છે. આ મંદિરને અને તેના અત્યંત કુશળતાપૂર્વક કરવામાં આવેલ બારીક શિલ્પકામને નિહાળતા આપણને જરૂરી પ્રાચીન સમયની કલાસમૃદ્ધિ વિશે માન ઊપજે છે. અંબાજી કુંભારિયાના પાંચ દેરાસર પણ વિમલ મંત્રીએ બંધાવ્યા હોય તેમ મનાય છે, પરંતુ તેમાનું મહાવીર સ્વામિનું મુખ્ય દેરાસર જ તેના સમયનું છે. આ મંદિર પણ સર્વોત્મ કલા જણાય છે.

આ જ સમયમાં ભીમદેવની રાણી ઉદયામતીએ પાટણમાં ‘રાણીની વાવ’ બંધાવી હતી. આ વાવના ભાગ્યા તૂટ્યા અવશેષો આજે પણ પાટણમાં જોવા મળે છે.

કર્ણદેવના સમયમાં પણ બાંધકામોની પ્રક્રિયા ચાલુ જ રહી હતી, છતા તેના સામના નોંધપાત્ર અવશેષો પ્રાપ્ત થતાં નથી. આમ છતાં તેને બંધાવેલી કર્ણાવતી નગરીના અવશેષો હાલના અમદાવાદનાં કેટલાક વિસ્તારોમાં જોવા મળે છે. તેને બંધાવેલ કર્ણસાગર તળાવ વિશે આજે આપણે કાંઇ સાંભળતા નથી. સ્થાપત્યકાળનો સુવર્ણયુગ ખરેખર સિદ્ધરાજના સોલંકી સમયથી શરૂ થયાનું કહી શકાય.

સિદ્ધરાજના બાંધકામોમાં સૌથી પ્રસિદ્ધ અને મોટું બાંધકામ છે સિદ્ધરાજનો રુદ્રમહાલય. મૂળરાજના સમયમાં બંધાયેલો રુદ્રમહાલય નાશ પામતા તેના સ્થાને સિદ્ધરાજે આ ભવ્ય મહાલય બંધાવ્યો હતો. મંદિરનુ શિખર 150 ફૂટ ઊંચું હોવાનું જણાય છે. તેનું ગર્ભગૃહ સોમનાથના મંદિરના ગર્ભગૃહ કરતા મોટું હતું. ગૂઢ મંડપ પણ મોટો હતો. આંતરાલના ચાર સ્તંભ 17 ફૂટથી પણ વધુ ઊંચા છે. સંભવ છે કે માળવાના પ્રસિદ્ધ મંદિરો જોયા બાદ તેમની હરીફાઈ થઈ શકે તેવું આ બાંધકામ સિદ્ધરાજે કરાવ્યુ હોય, કારણ કે તેના સ્તંભોમાં માળવાના સ્થાપત્યની અસર નજરે પડે છે. કીર્તીતોરણ આજે પણ મોજૂદ છે. આ વિશાળ મંદિરનો મોટો ભાગ આજે નાશ પામી ચૂક્યો છે. આમ એક ભવ્ય સ્થાપત્યકૃતિ લગભગ વિલીન બની ચૂકી છે. સિદ્ધરાજનું અન્ય બાંધકામ છે

સહસ્રલિંગ સરોવર. અગાઉ આપણે જોઈ ગયા કે દુર્લભ સરોવરના જીર્ણોદ્ધાર દ્વારા સહસ્ત્રલિંગ સર્જાયું. આ સરોવરનું યથાયોગ્ય વર્ણન આપણે જોઈએ છીએ. આ સિવાય સિદ્ધરાજની માતા મિનલદેવીએ વિરમગામમાં માનસરોવર બંધાવ્યું હતું. આ સરોવરની ચારે બાજુ ઘાટ બાંધેલા છે અને ચારે બાજુ દેરીઓ પણ છે. આજે પણ લગભગ 357 જેટલી દેરીઓ મોજૂદ છે. દેરી શિવ અને વિષ્ણુની હોય તેમ જણાય છે. મિનલદેવીએ ધોળકાનું મલાવ તળાવ બંધાવ્યું હોય એમ લાગે છે. આ આ જળાશયની બાબતમાં એક દંતકથા છે એક નીચલા સ્તરની સ્ત્રીનું મકાન જલાશયને ગોળ બનાવવાની વચમાં આવતું હતું. તેને તે જગ્યા વેચવાની ના પાડી ત્યારે મીનળદેવીએ સમગ્ર જળાશય ગોળ બનાવ્યું, પરંતુ એટલો ભાગ ખાંચાવાળો રહી ગયો, આથી જ ગુજરાતમાં ન્યાય જોવો હોય તો મલાવ જુઓ એવી કહેવત પડી છે. સિદ્ધરાજના દંડનાયક સજ્જન મંત્રી ગિરનાર પર પથ્થરનું નેમિનાથ મંદિર બંધાવ્યું.

કુમાળપાળ સમયમાં પણ બાંધકામની આ પ્રવૃતિઓ એટલા જ જુસ્સાથી ચાલુ રહી. અનેક દેવળો તથા જિનાલયો તેને તથા તેના મંત્રીઓએ બંધાવ્યા હતા. કુમારપાળના સમયનું પ્રસિદ્ધ બાંધકામ જે જળવાઈ રહ્યું છે તે તારંગા પર આવેલું અજીતનાથનું મંદિર છે. ઉદયમંત્રીના પુત્ર વાગ્ભટે પણ શત્રુંજય પર્વત પર આદિનાથના મુખ્ય મંદિરને પથ્થરનું બનાવ્યું તેમ કહેવાય છે. કુમાળપાલે આનંદપુર (વડનગર)ને ફરતે કોટ બંધાવ્યો હતો. તે કવિ શ્રીપાલચરિત પ્રશસ્તિમાં મળી આવી છે. ભીમદેવે બંધાવેલું સોમનાથનું મંદિર કુમારપાળના સમયમાં પુનઃ નવો આકાર પામ્યું. આ મંદિર એક ખૂબ જ પ્રસિદ્ધ મંદિર કહેવતું અને ભારતભરમાંથી પ્રવાસીઓ ત્યાં આવતા. ભીમદેવ બીજાના સમય દરમ્યાન બાંધકામની પ્રવૃતિઓ એકંદરે મંદ પડેલી જણાય છે. અહીં તહીં મંદિરો, જિનાલયો વગેરે બંધાયા છે અથવા તો જીર્ણોદ્ધાર પામ્યા છે, પરંતુ મહાન સર્જન હવે જણાતા નથી.

ગુજરાતમાં સ્થાપત્યકલાનો દ્વિતીય સુવર્ણયુગ એટ્લે વસ્તુપાલ-તેજપાલનો સમય. વસ્તુપાલ-તેજપાલનું સમગ્ર જીવન જાણે કે સ્થાપત્યોના સર્જન માટે જ ન હોય તેવું આપણને લાગે છે. તેમણે અનેક મંદિર અને જિનાલયો બંધાવ્યા છે, જેમાંથી કાલપ્રવાહમાં આજે થોડાક જ મંદિરો મોજૂદ છે, છતાં પણ આ પ્રાપ્ય નમૂનાઓ પરથી તેમણે સ્થાપત્યક્ષેત્રે આપેલા ફાળાનું મૂલ્યાંકન આપણે બહુ સારી રીતે કરી શકીએ તેમ છીએ. ગિરનાર પર તેમણે વસ્તુપાલ વિહાર બંધાવ્યો. તેમાં ઋષભદેવ, પાર્શ્વનાથ, મહાવીર અને નેમિનાથની ભવ્ય મૂર્તિઓ છે અને સાથે જ વસ્તુપાલના પૂર્વજો તથા વંશજોની મૂર્તિઓ પણ છે. પરંતુ તેઓનું સૌથી પ્રસિદ્ધ બાંધકામ તો દેલવાડા (આબુ) પર બંધાવેલું લૂણવસહી તરીકે પ્રસિદ્ધ છે. વિમલસહી અને લૂણવસહી બંને કલાકારીગરીની દ્રષ્ટિએ લગભગ સમાન છે. આરસમા આ મંદિરને બાંધવામાં અઢળક ખર્ચ થયો હશે. તે કોઈને પણ લાગે એમ છે. આ મંદિર શોભનદેવ નામના શિલ્પીની રાહભરી બંધાયું હતું. બહારથી સાદૃ જણાતું. આ મંદિર અત્યંત ખૂબસૂરત, કલાકૌશલ્યપૂર્ણ અને સ્વરગિય આસ્વાદ કરાવનારૂં છે. તેની છત બાંધકામને સૌંદર્યની પરાકાષ્ટાએ પહોંચાડે છે. આ મંદિરની સામે હસ્તીશાળા આવેલી છે. આ મંદિરમાં વિવિધ સ્થળોએ ફૂલવેલ, ઝૂમરો, વિવિધ પ્રાણીઓ,

પક્ષીઓ, મનુષ્યો અને દેવ-દેવીઓની અનેક આકૃતિઓ જોવા મળે છે. સર્વ દ્રશ્યો પ્રેક્ષકને પ્રાચીન ગુજરાતની શિલ્પ અને સ્થાપત્ય કળા તરફ ગૌરવભરી દ્રષ્ટિથી જોવાની પ્રેરણા આપે છે.

વીરધવલ-વિસલદેવે ડભોઇનો કિલ્લો પણ બંધાવ્યો હતો. આ કિલ્લાને ચારેય તરફ ચાર દરવાજાઓ આવેલા છે. તે સૌથી વધુ પ્રસિદ્ધ છે. પૂર્વ તરફનો દરવાજો, જે હીરાસલાટના નામે ઓળખાય છે. તેના અવશેષો કલાવિવેચકોને આકર્ષે છે. આ દરવાજાના નજીકમાં જ વૈધનાથ મહાદેવનું મંદિર અને ફરતે કિલ્લો છે. જે મંદિર પર કોઈ પણ પ્રકારનું લખાણ નથી અને કયારે બાંધ્યા તેના ચોકસ પુરાવાઓ નથી. તેવા સંખ્યાબંધ મંદિરો ગુજરાત-સૌરાષ્ટ્રમાં આ સમયે બાંધ્યા હશે તે વિશે કોઈ શંકા નથી.

સ્થાપત્યમાં સોલંકીઓની પોતાની અનોખી શૈલી અને પ્રતિભા જણાય છે. પ્રત્યેક નમૂનો કઈક નવીનતા અને અર્થ રજૂ કરે છે. મંદિરના આગળના તોરણો પણ અહીંની વિશિષ્ટતા છે. ગુજરાતના ગામેગામ આપણને સોલંકીયુગની મહત્તા અને પ્રતિભાનો પરિચય આપતા સ્થાપત્યના અવશેષો મળી આવે છે. ગુજરાતમાં પાટણ, સિદ્ધપુર, ડભોઇ, ધોળકા, વિરમગામ, તારંગા, ખંભાત, વંથલી, જુનાગઢ, વડનગર, મણુંદ, ધીણોજ, સુણક, શત્રુંજય, પાલિતાણા, આબુ આ સર્વસ્થળોમાં સોલંકીયુગની સ્મૃતિને તાજી રાખતા અવશેષો આપણને મળી રહે છે.

**16.4.6 શિલ્પ તથા મૂર્તિ વિધાનકલા :**

સોલંકીયુગ દરમ્યાન ગુજરાતમાં શિલ્પકલા સ્વતંત્ર રીતે નહીં પરંતુ સ્થાપત્યના સંબંધમા અને તેના એક અંગ તરીકે જ વિકાસ પામેલી જણાય છે. પ્રાચીન ભારતમાં મૂર્તિવિધાનનો જે શાસ્ત્ર પ્રચાર પામ્યા હતા તેને અનુસરીને જ દેવદેવીઓની પ્રતિમાઓ મોટા પ્રમાણમાં રચવામાં આવતી, ગણપતિ, ઉમા-મહેશ્વર, શિવના વિવિધ સ્વરૂપો જેવા કે અંધકાર સુવધમૂર્તિ વગેરે, શિવના અવતાર મનાતા લકૂલિશના યોગારૂઢ સ્વરૂપની પ્રતિમાઓ મળી છે. શક્તિના વિવિધ સ્વરૂપો જેવા કે પાર્વતી, કાલી, મહિસાસૂરમર્દિની વગેરે પણ જણાય છે. આ જ પ્રમાણે વિષ્ણુની પણ અનેક સ્વરૂપોની પ્રતિમાઓ જણાય છે. જેમાં વરાહ, નરસિંહ અને કૃષ્ણનોકાલિયમર્દન તરીકેનો ઉલ્લેખ નોંધપાત્ર છે. કવચિત લક્ષ્મીની મૂર્તિ પણ નજરે પડે છે. બ્રહ્માની મૂર્તિઓ પણ સારા પ્રમાણમાં જોવા મળે છે. પ્રતિભાશાલી સૂર્યમૂર્તિઓ આકર્ષક અને શિલ્પના ઉત્કૃષ્ટ નમૂનાસમી લાગે છે. આ સિવાય પણ સંખ્યાબંધ દેવોની પ્રતિમાઓ આપણને જોવા મળે છે. નંદી, ગરુડ જેવા વાહનો, ગંધર્વો અને અપ્સરાઓ વગેરેની પ્રતિમાઓ પણ દેવોની સાથે પ્રાપ્ત થાય છે.

આજ પ્રમાણે જૈન તીર્થંકરોમાં પણ આદિનાથ, નેમિનાથ, પાર્શ્વનાથ અને મહાવીર સ્વામીની સંખ્યાબંધ મૂર્તિઓ મળે છે. પ્રસિદ્ધ દેરાસરોમાં તીર્થંકરોની વિશાળ મૂર્તિઓ, યક્ષ, યક્ષણીઓ અને વિદ્યાદેવીની નયનરમ્ય આકૃતિઓ તથા સુમેરુ જેવા પર્વતોના નાના નમૂનાઓની સુંદર આકૃતિઓ પ્રાપ્ત થાય છે. દેવાકૃતિઓ હૂબહૂ સ્વરૂપમાં રજૂ કરવામાં આવેલી જણાય છે. અને તેના પરથી આપણને તે સમયની સ્ત્રીપુરુષોની વેશભૂષાનો પણ સારો એવો ખ્યાલ આવે છે.

આ યુગના શિલ્પો પરથી આપણને તે સમયના સમાજની રંગીનતા, ઉત્સવપ્રિયતા અને શૃંગારપ્રધાન જીવનની ઝાખી થાય છે.

શિલ્પમાં વિવિધ પ્રાણીઓની આકૃતિઓ પણ મોટા પ્રમાણમાં જોવા મળે છે. હાથી, સિંહ, વૃષભ અને વાનરની આકૃતિઓ અને સ્થળોમાં જોવા મળે છે. આ યુગના સ્થાપત્યમાં સુશોભનનું પણ ઘણું મોટું પ્રમાણ જોવા મળે છે.

### 16.4.7 ચિત્રકળા :

થોડાક પ્રમાણમા ચિત્રકળાનો પણ વિકાસ થયેલો આપણને જોવા મળે છે. ચિત્રના વિષયો મહદ્અંશે ધાર્મિક હતા અને જે ચિત્રો મળે છે તે પણ જૈન ધર્મ પુસ્તકોમાં જ મળે છે. તાડપત્રો પર ચિત્રો દોરવાની પ્રત પ્રચલિત હતી, ચિત્રો એકંદરે કદમાં નાના હતા. મોટે ભાગે રંગ વાપરવામાં આવતો અને ટીટીઇની ભૂમિકા બંધવામાં આવતી, કવચિત અન્ય રંગો પણ વપરાયેલા જણાય છે. આમ છતા એકંદરે આ ચિત્રોમાં આપણને સારું એવું આયોજન અને આલેખન જણાય છે.

## 16.5 ધાર્મિક સ્થિતિ :

### 16.5.1 શૈવ-સંપ્રદાય :

સોલંકી-વાઘેલા સમયમાં અન્ય સંપ્રદાયો કરતાં શૈવ-સંપ્રદાય વ્યાપકપણે ફેલાયેલો હતો. સોલંકી અને વાઘેલા વંશના રાજાઓ શિવધર્મી હતા. (કુમારપાળનો અપવાદ બાદ કરતાં), તેથી તેમણે શૈવસંપ્રદાયને રાજયાશ્રય આપતા, શૈવ સંપ્રદાયની લોકપ્રિયતા વધી હતી. રાજાઓએ ઠેકઠેકાણે શિવમંદિરો બંધાવ્યા હતા, શિવમંદિરોના જીર્ણોદ્ધાર કરાવ્યા હતા તથા તેમના નિભાવ માટે જમીન તથા ગામો દાનમાં આપ્યા હતા.

આ સમયે શૈવસંપ્રદાયની લકુલિશ (પાશુપત), શૈવ, કલકું, કાપાલિક વગેરે શાખાઓ વિકસી હતી. આમાથી ભગવાન લકુલિશે સ્થાપેલો પસુપત સંપ્રદાય સારા પ્રમાણમા લોકપ્રિય હતો. આ સંપ્રદાયના અનુયાયીઓ ધ્યાન, યોગ વગેરેને મહત્વ આપતા, શિવધર્મના સોમનાથ જેવા મહત્વના તીર્થસ્થાનોમાં આ સંપ્રદાયના સન્યાસીઓના મઠો હતા. સોમનાથના પાશુપત મઠાધીશો ભાવ બૃહસ્પતિ અને તેમના પછી ત્રિપુરાંતક અત્યંત પ્રભાવશાળી વિદ્વાનો હતા. શૈવ સંપ્રદાયને સમાજમાં લોકપ્રિય બનાવવામાં આ મઠોના સાધુઓનો ફાળો ઘણો ગણી શકાય. જયારે કાલમુખ અને કાપાલીક સંપ્રદાયના સાધુઓ ગાઢ જંગલોમાં નગ્ન રહેતા, બિભત્સ ક્રિયાઓ કરતા, ખોપરીઓમાં લોહી-માંસ વગેરે ખાતા. સામાન્ય રીતે તેઓ વસ્તીમાં કદી આવતા નહીં, પણ આવતા ત્યારે લોકોને ભય પમાડતા, તેઓ 'અઘોરી' તરીકે ઓળખાતા. શૈવ સંપ્રદાયની આ 'વામમાર્ગી' શાખા હતી.

**16.5.2 વૈષ્ણવ-સંપ્રદાય** :

આ સમયે વૈષ્ણવ-સંપ્રદાયને શૈવ સંપ્રદાય જેટલો રાજ્યાશ્રય તો મળ્યો ના હતો, તેમ છ્ંતા વિષ્ણુના વિવિધ સ્વરૂપો અને શ્રીકૃષ્ણની પૂજા કરતા અનેક મંદિરો આ સમયમાં બાંધ્યા હતા. વિષ્ણુ અને કૃષ્ણની મૂર્તિઓ પણ ઘણી મળે છે. કૃષ્ણની બાલલીલાઓ પણ સારા પ્રમાણમા લોકપ્રિય હતી. આ સમયમાં બંધાયેલા વૈષ્ણવ ધર્મના મંદિરો દ્વારકા, વાલમ, સંડેર વગેરે સ્થળોએ આજે પણ જોવા મળે છે. વૈષ્ણવ ધર્મને લગતું કેટલુક સાહિત્ય પણ આ સમયમાં રચાયું હતું.

**16.5.3 સૂર્યપૂજા અને શક્તિપૂજા** :

સૂર્યની પૂજાને વ્યક્ત કરતા સૂર્યમંદિરો પણ ગુજરાતમાં આ કાલ દરમ્યાન અસ્તિત્વમાં આવેલા છે. સિદ્ધરાજે સરસ્વતીના કાંઠા પર ભાયલસ્વામિ સૂર્યનું મંદિર બંધાવેલું. ખેરાળુંમાં પણ સૂર્ય અને તેની બે પત્નીઓની પ્રતિમાઓની પ્રતિષ્ઠા કરવામાં આવી હતી. મોઢેરાનું સૂર્યમંદિર તો ખૂબ પ્રસિદ્ધ છે.

બ્રહ્મા, વિષ્ણુ અને મહેશની એક સાથે પણ પૂજા થતી. બ્રહ્માનું એક મંદિર ખેડબ્રહ્મામાં છે અને બ્રહ્માની અનેક મૂર્તિઓ પણ મળી છે.

શક્તિપૂજા પણ પ્રમાણમાં સારી એવી પ્રચાર પામેલી હતી. અનેક દેવીઓના મંદિરો બાંધવામાં આવ્યા હતા અને દેવીઓની પૂજા પણ સારા પ્રમાણમા ચાલતી હતી. સમકાલીન સાહિત્યમાં કેટલાક સ્થળોમાં દેવીઓની આરાધનાનું મહત્વ દર્શાવવામાં આવ્યું છે. સોમેશ્વર સુરથોત્સવમાં દેવી ભવાનીનો મહિમા દર્શાવ્યો છે.

આમ એકંદરે આપણને શિવ, વિષ્ણુ, બ્રહ્મા અને દેવીઓની ઉપાસનાવાળો ધર્મ વધુ પ્રચાર પામેલો છે. તેમની સાથે ગણેશ પૂજા તો બધે જ થતી.

**16.5.4 જૈન ધર્મ, તેનું પ્રાબલ્ય** :

બ્રાહ્મણ ધર્મની સાથે સાથે ગુજરાતમાં જૈન ધર્મ આ સમય દરમિયાન સારા એવા પ્રમાણમાં વિકાસ પામ્યો. ગુજરાત જૈન ધર્મનું કેન્દ્ર ગણાય છે. તે આ સમયે જ બૌદ્ધ ધર્મ અહીંથી પણ વિલીન થઈ ગ્યો તે એક નોંધપાત્ર બનાવ છે. આ સમય દરમ્યાન ગુજરાતમાં અનેક દેરાસરો અને ઉપાશ્રયો બંધાયા. સમકાલીન સહિત્યના વર્ણનો પરથી તો એમ લાગે છે જાણે આ સમય દરમિયાનની સમગ્ર ગુજરાત જૈન ધર્મના જબરદસ્ત પ્રભાવ નીચે આવ્યું હતું. ગુજરાતનાં લગભગ પ્રત્યેક ગામમાં  જૈન દેરાસરો બંધાયેલા આપણને જણાય છે. આબુના પ્રસિદ્ધ જૈન દેરાસરો, ગિરનાર, તારંગા તથા પાલિતાણાના દેરાસરો અને પાટણના કેટલાક ભવ્ય દેરાસરો આ સમયમાં જ બાંધ્યા.

જૈન ધર્મને ગુજરાતમાં લોકપ્રિયતાની ટોચ પર લઈ જનાર કુમારપાળ હતો અને ત્યારબાદ વસ્તુપાલ-તેજપાલ હતા. રાજ્યાશ્રય નીચે જૈન ધર્મને લગતા સાહિત્યનો પણ અકલ્પ્ય વિકાસ

થયો. હેમચંદ્રાચાર્ય જેવા મહાપ્રતિભાશાળી આચાર્યનો પણ એમાં ઘણો ફાળો હતો અને બીજા સંખ્યાબંધ જૈન સાધુઓએ પણ પોતાના ચારિત્ર્ય અને જ્ઞાન દ્વારા જૈન ધર્મને લોકભાગ્ય બનાવ્યો.

**16.5.5 એકંદરે ધાર્મિક સ્થિતિ** :

એકંદરે જોઈએ તો આ સમયમાં રાજા તથા પ્રજા ધાર્મિક ભાવનાથી રંગાયેલા હતા. સમાજમાં દાનધર્મનો ઘણો મહિમા હતો. તે સમયના આધારો ઉપરથી જાણવા મળે છે કે ગામ, જમીન, મકાન, અનાજ, ઘી, સોપારી, ધૂપ, દ્રવ્ય, કે રોકડ નાણું દાનમાં આપવામાં આવતા. ભૂમિદાન સર્વશ્રેષ્ઠ ગણાતું, પરંતુ તે માત્ર રાજાઓ કે તેના સામંતો જ આપી શકતા. અન્ય દાન સામાન્ય લોકો પણ આપી શકતા. દાન કા તો દેવાલયોને તેમના નિભાવ કે પૂજા વિધિ કાયમ રહે તે માટે આપવામાં આવતા, અથવા તો સચિત્ર કે વિદ્વાન બ્રાહ્મણને તેના ભરણપોષણની ચિંતા નિવારવા આપવામાં આવતા. દાન મોટે ભાગે પર્વના દિવસોએ, એટલે કે પૂર્ણિમા, અમાસ, અગિયારસ, સંક્રાંતિ, ગ્રહણ વગેરે દિવસોએ આપતા. રાજા જે દાન આપતો તે મોટે ભાગે ત્રાંબાના પતરા ઉપર કોતરવીને દાન લેનારને વંશપરંપરાગત આપતો.

આ સમયના દાન ધર્મનું બીજું પાસું હતું. 'પૂર્તધર્મ'. પૂર્તધર્મ એટ્લે મંદિર, વાવ, કૂવા, તળાવ બંધાવવા કે સદાવ્રતો ચલાવવા. આગળ કહ્યાં તે દાનનો લાભ માત્ર દેવમંદિરો કે બ્રાહ્મણોને જ મળતો, પરંતુ આ પૂર્તધર્મનો લાભ તો સમાજના બધા જ વર્ગોને મળતો. વળી ભૂમીદાન તો રાજા જ કરી શકતા, જયારે આ ધાર્મિક કાર્ય તો સમાજનો કોઈપણ માણસ કરી શકતો. પરિણામે આ સમયમાં રાજાઓ ઉપરાંત શ્રીમંતો અને શ્રેષ્ઠિઓએ પણ સમાજના કલ્યાણ માટે આવા વાવ, કૂવા, તળાવ વગેરે પૂર્ત કર્યો કર્યા હોવાનો ઉલ્લેખો મળી આવે છે.

આમ સોલંકી-વાઘેલા સમયમાં રાજા, સામંતો, શ્રેષ્ઠિઓ અને પ્રજાજનો ધર્મ તથા ધાર્મિકતાના રંગે રંગાયેલા હતા. સમાજમાં દિવાળી, દેવદિવાળી, શિવરાત્રિ, નવરાત્રિ, અક્ષયતૃતિયા અને શ્રાદ્ધ જેવા તહેવાર ધાર્મિક ભાવનાથી ઉજવાતા. તે જ રીતે જૈનના તીર્થંકરોના જન્મદિનો આનંદથી ઉજવાતા. આ સમયની ધાર્મિકતાનું એક વિશિષ્ટ લક્ષણ એ એ હતું કે, સમાજમાં બધા જ ધર્મો પ્રત્યે સહિષ્ણુતાની ભાવના હતી, લોકો પોતાને ગમે તેવો ધર્મ પાળી શકતા. રાજાઓ પણ માત્ર પોતાના જ ધર્મને બદલે બધા જ ધર્મોના મંદિરો બંધાવતા, તથા તેમના વૈભવ માટે દાન આપતા. ખુદ મુસલમાનો પ્રત્યે પણ રજાઓ તથા ફૂળો મહદઅંશે સહિષ્ણુ હતાં. સિદ્ધરાજ જયસિંહે ખંભાતના મુસલમાનો ઉપર ગુજારેલા ત્રાસની હકીકતની જાતે ખરાઈ કર્યા પછી તેમને ન્યાય આપ્યો હતો. વસ્તુપાલે દિલ્હીના સુલતાનની માતાને હજ જવા માટેની બધી સગવડો કરી અપાઈ હતી, એટલુ જ નહિ, પરંતુ મક્કાની મસ્જિદમાં મૂકવા માટે આરસનું તોરણ બનાવડાવ્યું તથા ત્યાની મસ્જિદમાં દીપ તેમજ અન્ય વસ્તુઓ માટેની વ્યવસ્થા કરી હતી. અર્જૂનદેવે વેરાવળમાં મસ્જિદ ખલાસીઓને નમાજ પઢવા માટે મસ્જિદ બાંધવા જમીન આપી હતી તેવો લેખ મળ્યો છે. આ પ્રકારની ધાર્મિક સહિષ્ણુતા ખરેખર ગુજરાતને ગૌરવ અપાવે તેમ છે.

❖ **તમારી પ્રગતિ ચકાસો :**

1. સલ્તનતયુગ દરમિયાન ગુજરાતનું સૌથી મહત્વનુ બંદર કયું હતું ?
2. સોલંકી વહીવટીતંત્રમાં મહાક્ષપટલિક ક્યા ખાતાનો વડો હતો ?
3. સોલંકીયુગની શાસનવ્યવસ્થાની માહિતી શામાંથી મળે છે ?
4. સોલંકી રાજ્યના વહીવટી વિભાગોમાં સૌથી મોટો વિભાગ ક્યાં નામે ઓળખાતો હતો ? આવા વિભાગો કેટલા હતા ?
5. હેમચંદ્રાચાર્યના પ્રસિદ્ધ ગ્રંથોના નામ આપો.
6. કવિ સોમેશ્વરે કથા બે ગ્રંથો લખ્યા છે ?
7. સોલંકિયુગના પ્રસિદ્ધ મંદિરોના નામ આપો.
8. સોલંકિઓના શાસનમાં ક્યાં તળાવો બંધાયા ?
9. સોલંકીઓના શાસન દરમ્યાન ગુજરાતની રાજધાની કઈ હતી ?
10. ગુજરાતમાં જૈનધર્મને વધારે લોકપ્રિય કોણે બનાવ્યો ?
11. સોલંકીયુગના ભરૂચ, ખંભાત અને પાટણના પ્રખ્યાત કાપડનું નામ આપો ?
12. સોલંકી યુગના વેપાર વાણિજ્ય માટેના પ્રખ્યાત બંદરો જણાવો ?
13. સોલંકી વાઘેલા વંશના સમયમાં ગુજરાતના વેપારીઓ કયા કયા દેશ સાથે વેપાર કરતા?
14. સોલંકી વાઘેલા યુગના સમયે કાશ્મીરી કવિ બિલ્હને કયું નાટક લખ્યું ?

---

**16.6 સમાપન** :

---

સોલંકી સમયની સામાજિક સ્થિતિની સમીક્ષા કરતાં એમ જણાય છે કે લોકો ખાન પાનના શોખીન હતા પરંતુ પહેરવેશમાં સદા હતા. પણ તેઓ વિવિધ પ્રકારના અલંકારો ધારણ કરતાં. તેઓ વિવિધ રીતે આનંદપ્રમોદ કરતા. સમાજમાં અનેક પ્રકરના વહેમો પ્રચલિત હતા. સાંસ્કૃતિક રીતે વિકાસ પામેલ સોલંકીયુગનો સમાજ સામાજિક રીતે એકંદરે પછાત હતો.

આમ સોલંકીકાલીન ગુજરાત સામાજિક, આર્થિક અને ધાર્મિક ક્ષેત્રે આપેલો ફાળો નોધપાત્ર હતો. આ યુગના ગુજરાતની સમાજવ્યવસ્થા પરંપરાગત વર્ણવ્યવસ્થા પૂર્વગત ચાલુ રહી, સમાજમાં બાળ લગ્ન અને ગુલામીપ્રથા પ્રચલિત હતા, પરંતુ એ સમયની પ્રજા અતિશય વહેમી હતી. આ યુગની ગૂર્જર પ્રજાનું જીવન મુખ્યત્વે ખેતીપ્રધાન હતું. ગુજરાત આ સમયે વેપારી દ્રષ્ટિએ આબાદ હતું અને અનેક પ્રકારના હુન્નર ઉધોગો પ્રચલિત હતા. આ યુગ દરમિયાન ગુજરાતના પ્રજાજીવનમાંથી બૌદ્ધ ધર્મ સંદતર લોપ થયો અને જૈનધર્મનો અભ્યુદય થયો તથા બ્રામણ ધર્મમાં યજ્ઞયજ્ઞાદી કર્મોને સ્થાને શિવ, શક્તિ, વિષ્ણુ અને સૂર્યની ભક્તિના પ્રાધાન્યવાળો ધર્મ ગુજરાતના સર્વ વર્ગોમાં વ્યાપક બન્યો.

---

**16.7 તમારી પ્રગતિ ચકાસોના જવાબો**

---

1. ખંભાત
2. મહાક્ષપટલિક
3. લેખપદ્ધતિ, તામ્રપત્રો, પ્રશસ્તિ લેખો

4. 'મંડળ' ,૧૩
5. 'સિદ્ધહેમચંદ્રશબ્દાનુશાસન' નામે વ્યાકરણગ્રંથ, 'દ્રયાશ્રય' નામનું મહાકાવ્ય
6. 'કીર્તિકૌમુદી' અને 'સુરથોત્સવ'
7. મોઢેરાનું સૂર્યમંદિર, દેલવાડાનું વિમલવસહી જૈન મંદિર, સિદ્ધપુરનો રુદ્રમાળ, સોમનાથનું મંદિર, તારંગાનું નેમિનાથ મંદિર, કુંભારિયાના જૈનમંદિરો, શત્રુંજયનું આદિનાથ મંદિર, ગિરનારનું નેમિનાથ મંદિર અને ધૂમલીના મંદિરો.
8. વિરમગામના માનસર તળાવ, પાટણમાં સહસ્ત્રલિંગ તળાવ, ધોળકામાં માલવ તળાવ .
9. અણહિલપુર પાટણ
10. કુમારપાળ, વસ્તુપાળ અને આચાર્ય હેમચંદ્રાચાર્ય
11. ભરૂચનું બરોજી કાપડ, ખંભાતનું કમ્બયતી કાપડ અને પાટણના પટોળા
12. સ્તંભતીર્થ ખંભાત, ભૃગુકચ્છ ભરૂચ, વેરાવળ સોમનાથ, માંગરોળ, સુરત, ગણદેવી, ગોપનાથ, દ્વારકા
13. ઈરાન, અરબસ્તાન, આફ્રિકા, ચીન, શિલોન, જાવા વગેરે દેશો
14. કર્ણસુંદરી નાટક

## 16.8 ચીવીરૂપ શબ્દ :

1. સ્તંભતીર્થ : સોલંકી સમયનુ ખંભાત એક વેપારી બંદર.
2. ભૃગુકચ્છ : સોલંકી સમયનુ ભરૂચ એક વેપારી બંદર
3. અરબસ્તાન : સોલંકી સમયનુ આફ્ગનીસ્તાન
4. બરોજી : સોલંકી સમયનુ ભરૂચમાં વાપરવામાં આવતું કાપડ
5. કમ્બયતી : સોલંકી સમયનુ ખંભાતમાં વાપરવામાં આવતું કાપડ
6. પટોળા : સોલંકી સમયનુ પાટણનું વખણાતું કાપડ
7. 'દ્રયાશ્રય' :સોલંકી વંશનું ઈતિહાસ જાણવા માટેનું પુસ્તક
8. ગુર્જર દેશ : સોલંકી સમયમાં ગુજરાત રાજયનું નામ
9. મહાક્ષપટલિક : સોલંકી શાસન વ્યવસ્થામાં દફતર ખાતાનો વડો

## 16.9 સંદર્ભ સૂચી :


1. શાસ્ત્રી હરિપ્રસાદ વી. : ગુજરાતનો પ્રાચીન ઈતિહાસ.
2. જોશી ઉમાશંકર : પુરાણોમાં ગુજરાત.
3. પરીખ રસિકલાલ સી. : ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઇતિહાસ ગ્રંથ – 1 થી 4.
4. શાસ્ત્રી હરિપ્રસાદ વી. : મૈત્રકાલીન ગુજરાત 1-2.
5. આચાર્ય ન. આ. : ગુજરાતનો સોલંકીકાલીન ઇતિહાસ.
6. શાસ્ત્રી દુર્ગાશંકર કે. : ગુજરાતનો મધ્યકાલીન રાજપૂત ઇતિહાસ ભાગ ન. ૨.
7. આચાર્ય ન. આ. : ગુજરાતના ચાવડા રાજ્યનો ઇતિહાસ.

8. આચાર્ય ન. આ. : ગુજરાતનો સાંસ્કૃતિક વારસો.
9. MAJUMUDAR A. K. : CHALUKYAS AT GUJARAT.
10. FORBES A. K. : RASMALA
11. RAY N. R. : MATIRAKAS OF VALABHI.
12. JAGANNATH : EARLY HISTORY OF THE MAITRAKAS OF GUJRAT.
13. મુનશી કનૈયાલાલ માણેકલાલ : ગુજરાતની કીર્તિ-ગાથા.
14. શાહ ખી. ચાં., વાયડા ર. લ. : ભારતનો સાંસ્કૃતિક ઇતિહાસ.
15. મહેતા કુંજવિહારી, શુક્લ રમેશ એમ. : ગુજરાતનું સંસ્કૃતિ-દર્શન.
16. પરીખ રસિકલાલ સી. : ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઇતિહાસ ગ્રંથ – 4 (સોલંકીકાળ).
17. શાસ્ત્રી હરિપ્રસાદ વી. : ગુજરાતનો ઇતિહાસ.
18. ગુજરાતનો ઇતિહાસ : પોપ્યુલર પ્રકાશન.

| એકમ – 17 | સોલંકી વાઘેલાકાલીન ગુજરાત<br>કર્ણદેવ વાઘેલા અને સોલંકી-વાઘેલા રાજવંશની પડતી |
|---|---|

**રૂપરેખા**


17.1 પ્રસ્તાવના
17.2 મુસ્લિમોનું આક્રમણ અને માધવ
17.3 મુસ્લિમ આક્રમણ
17.4 રાજકુટુંબનો કરૂણ અંજામ
17.5 દેવલદેવી-ખિજરખાન
17.6 મુસ્લિમોની સત્તા
17.7 ગુજરાતની સોલંકી સત્તાના પતનના કારણો
17.8 સમાપન
17.9 તમારી પ્રગતિ ચકાસોના જવાબો
17.10 ચાવીરૂપ શબ્દો
17.11 સંદર્ભસુચિ


## 17.1 પ્રસ્તાવના :

સારંગદેવના અવસાન બાદ તેના મોટાભાઇ રામનો પુત્ર કર્ણદેવ ગાદી પર બેઠો. ગાદીએ બેસતી વખતે તે મોટી ઉમરનો હશે એમ માની શકાય. ઇ. સ. ૧૨૯૬માં તે પાટણની ગાદી પર આવ્યો. તે ગુજરાતનો છેલ્લો રાજપૂત રાજા હતો.

કર્ણદેવ વાઘેલાના સમયમાં અલ્લાઉદીન ખીલજીની ફોજો ગુજરાત પર ચડી આવી. મુસ્લિમોની ગુજરાત પર સતા સ્થપાઈ તે સૌથી કમનસીબ બનાવ હતો. ગુજરાતની સ્વતંત્રતાનો, તેની અસ્મિતાનો, તેની સ્મૃદ્ધિનો અને ગૌરવનો અંત આવ્યો. મુસલમાન શાસને ગુજરાતની પ્રજાનું માનસ ભીરું, બિનસાહસિક અને ગુલામ બનાવી દીધું.
કર્ણદેવના સમકાલીન એક લેખમાં કર્ણદેવ માટે એ 'વેદશાસ્ત્ર પ્રમાણે વર્તીને પ્રજાનું પાલન કરતો' એટલું જ લખ્યું છે. અલબત, તેના જ સમયના લેખમાં તેની વિરુદ્ધ વધુ લખાણ સંભવી શકે નહિ. ગુજરાતમાં તે 'કરણઘેલા'ને નામે પ્રસિદ્ધ છે. 'ઘેલા' શબ્દ વાઘેલા શબ્દનું ટૂંકું રૂપ છે કે તેનું ચારિત્ર્ય રાજવીને અનુરૂપ ન હોઈ અને એને ખરેખર ઘેલો-ગંદો કહ્યો છે, તે કહેવું મુશ્કેલ છે. પરંતુ 'કાન્હડદે પ્રબંધમાં કર્ણનું જે શબ્દમાં વર્ણન કર્યું છે તે જોતાં ગુજરાતી પ્રજામાં તે ઘેલો ગણાય એ સંભવિત નથી. કર્ણદેવ માટે એમાં ઘેલો શબ્દ પણ વાપરવામાં આવ્યો છે. આ જ પ્રબંધમાં કવિ પદ્મનાથ તેના વિષે કહે છે કે તેને ક્ષત્રિયનો ધર્મ લોપ્યો, એનું અંગ કામથી વ્યાપ્ત હતું અને તેથી તે રોજ વછનાગનું સેવન કરતો. એ ઉઘાડી તલવારે ફરતો અને હજૂરિયા તેનાથી ડરીને નાસી જતાં. રસોઈયાઓ મરણના ભયથી બારણાં વાસીને પીરસતા. કર્ણદેવનું આ વર્ણન તેને ઘેલો થરાવવાની દિશામાં યથાર્થ પુરાવારૂપ બની રહે છે. આ બાબતમાં પોતાનું

મંતવ્ય વ્યક્ત કરતા શ્રી જોતે નોંધે છે, 'કવિ પદ્મનાભના વર્ણનમાં શંકા લાવવાનું કોઈ કારણ નથી. ગુજરાતનાં આ છેલ્લા રાજાને 'ઘેલો' કહેવામાં આવ્યો એ બરાબર જ છે અને વાઘેલાનું એ ટૂંકું રૂપ નથી એ ચોક્કસ છે.'' વધુમાં તેઓ જણાવે છે કે મહારાજયોની પડતીના કરણોમાં એના રાજ્યકર્તાઓમાં રહેલા આવાં અપલક્ષણો કારણભૂત બન્યા હોય એવા દાખલા બનેલા છે. કર્ણની માફક જ ચાંપાનેરના પતાઈ રાવલ માટે અને જૂનાગઢના રા'માંડલિક માટે પણ આવી જ કથાઓ કહેવાય છે.

કર્ણના મહામાત્યનું નામ માધવ હતું તેવું આપણને સર્વ પુરાવા દ્વારા જણાય છે. આ મહામાત્ય માધવ જ મુસલમાનોને ગુજરાત પર ચડાઈ કરવા બોલાવી લાવ્યો હતો તેવી જે દંતકથા છે, તેને અનેક પુરાવવાઓ દ્વારા સમર્થન મળે છે. એક દેશદ્રોહી તરીકે તે વખતે અને આજે પણ માધવ ગુજરાતનાં ઈતિહાસમાં અને પ્રજામાં પ્રસિદ્ધ છે. આ માધવ ગુજરાતનો વિસલનગરો નાગર બ્રાહ્મણ હતો અને કચ્છની વતની હતો એવી માન્યતા છે. અલબત, વિદ્વાનોમાં આ વિશે મતભેદો છે.

### 17.2 મુસ્લિમોનું આક્રમણ અને માધવ :

17મી સદીમાં રચાયેલું 'મુહણ્યોતનેણસીની ખ્યાત' નામનો એક રાજપૂતાના પ્રસિદ્ધ ગ્રંથમાં લખ્યું છે કે, સં. 1340 મે માધવ બ્રાહ્મણ પ્રધાન હુઆ. ઉસકો વાઘેલાઓસે બિગડ ગઇ. વહ જાકાર અલ્લાઉદીન બાદશાહકો બુલા લાયા. સંવત 1952માં રચાયેલા 'કાન્હડદે' પ્રબંધમાં પણ રાજાએ બ્રાહ્મણ પ્રધાન માધવને દૂભાવ્યો તેથી તેને જ્યારે 'મુસલમાનોને અહી લાવીશ ત્યારે જ અહીનું ધાન ખાઈશ, એવી પ્રતિજ્ઞા કરી અને ત્યાર બાદ મુસ્લિમોને લાવ્યો વગેરે માહિતી છે. મોઢ બ્રાહ્મણોના જ્ઞાતિપુરાણ 'ધર્માણ્ય'માં પણ લખ્યું છે કે 'પ્રતાપી મહારાજા' કર્ણ રાજગાદી પર હતો ત્યારે તેના દુષ્ટ, નિર્ગુણી, દેશદ્રોહી, કુલાધમ અને પાપી અમાત્ય માધવે ક્ષત્રિય રાજ્યનો નાશ કરાવ્યો અને મ્લેચ્છ રાજ્યની સ્થાપના થઈ.

આ સિવાય પણ સમકાલીન લેખોમાંથીથી આ હકીકતને ચોક્કસ પુરાવાઓ દ્વારા સમર્થન મળી રહે છે. રાજા કર્ણને માધવ સાથે અણબનાવ કેમ થયો એને માટે દંતકથાઓ તથા જૂના સાહિત્યમાથી પણ કર્ણે માધવ કે કેશવતી સ્ત્રીનું બળજબરીથી અપહરણ કર્યાનું કહેવામાં આવ્યું છે એન તે સત્ય હોય તેમ જણાય છે. જો કે ગુજરાતના શ્રી રામલાલ ચુનીલાલ મોદી કે શ્રી ક્નૈયાલાલ મુનશી જેવા આધુનિક ઈતિહાસકારો આ હકીકતને સત્ય માનતા નથી. શ્રી રામલાલ ચુ. મોદીનો અભિપ્રાય એવો છે કે, કર્ણનું ચારીત્ર્ય ધારવામાં આવે છે તેટલું દુષ્ટ નથી. મુરલીધર મંદિરની પ્રશસ્તિમાં તે વેદ અને શાસ્ત્ર અનુસાર પ્રજાનું પાલન કરતો હતો, તેમ લખ્યું છે. મુસલમાન લેખકોએ કર્ણના ચરિત્ર્ય વિરુદ્ધ એક અક્ષર પણ લખ્યો નથી. તેથી પરંપરાથી ચાલી આવતી વાતો બહુ વિશ્વાસ મૂકવા જેવી હોતી નથી.

તેવી જ રીતે શ્રી મુનશી નોંધે છે કે, રાજા કર્ણદેવ દુષ્ટ ન હતો, પણ સંસ્કારી હતો, અને અમાત્યનો ઊંચો હોદ્દો ધરાવનાર બ્રાહ્મણ માધવ ગુજરાતનો દ્રોહ કર્યો હતો. વળી, રાજા કર્ણે માધવના કુટુંબ ઉપર અત્યાચાર કર્યો તેવી વાત પહેલ વહેલી 15મી સદીના, એટ્લે કે ઘટના

બન્યા પછી લગભગ દોઢસો વર્ષ પછીના, સાહિત્યમાથી મળે છે. તે હકીકત પણ આમાં ધ્યાનમાં લેવી જોઈએ.

આમ છતાં માધવ જેવો જૂનો મંત્રી (તે છેક સારંગદેવના સમયથી મંત્રીપદે હતો, તેમ ઇ.સ. 1297ના એક ગ્રંથ ઉપેરથી જણાય છે.) આવું વિનાશક પગલું ભરે, તેની પાછળ કોઈ ગંભીર અને અક્ષમ્ય કારણ હોવું જોઇએ તેમ લાગે છે. ઉપલબ્ધ વિધાનો ઉપેરથી લાગે છે કે રાજા કર્ણદેવ કામવાસનાથી પ્રેરાઇને કે ગમે તે કારણસર માધવના કુટુંબ ઉપર અત્યાચાર કર્યો હશે; અને રાજા પ્રજાનો પાલક થઈને આવું કૃત્ય કરે, ત્યારે તેનો ભોગ બનનારો ગમે તેવો સંસ્કારી કે ઉચ્ચ હોદા ઉપર હોય તો પણ તેનામાં વૈરવૃતિ જાગે જ. અને તે સમયે બીજો કોઈ રસ્તો નહિ સુઝતાં વેર વાળવા માટે માધવે મુસલમાનોનું શરણ શોધયું હોય તો તો તે સ્વાભાવિક છે, પરંતુ માત્ર આ કારણથી માધવને 'દેશદ્રોહી' કહેવો તે તેને પણ અન્યાય કરનારું ગણાય; બહુબહુ તો તેને 'રાજદ્રોહ'નું કાર્ય કહી શકાય. કારણ તેને પોતાને પણ મુસલમાન-આક્રમણ ગુજરાત ઉપર આવો વિનાશ નોતરશે તેનો કદાચ ખ્યાલ નહિ હોય. 'કાન્હડદે પ્રબંધનો કર્તા કવિ પદ્મનાભ તો એમ પણ જણાવે છે કે, જ્યારે યુદ્ધમાં પરાજયનો સંભવ દેખાતો ત્યારે ખુદ માધવે સ રાજા કર્ણને નાસી જવા માટે છટકબારું બતાવ્યુ હતું. વળી, આગળ ચાલતા, તે જ કવિ નોંધે છે કે પાટણ જીયા પછી મુસલમાની સૈન્ય સૌરાષ્ટ્રમાં આવ્યું અને સોમનાથના મંદિર ઉપર ત્રાટક્યું, ત્યારે માધવમંત્રી સોમનાથની રક્ષા કરતાં વીરગતિ પામ્યો (મરી ગયો) હતો તેમ છતાં માધવે જે કર્યું તે 'અધર્મ' હતો અને તેથી તેની અપકીર્તિ થઈ હતી, તેમ તો પદ્મનાભ પણ નોંધે છે.
સમકાલીન ઈતિહાસ લેખક બર્નીના કથન અનુસાર 'અલાઉદીન ખલજીના હુકમથી ઉલૂઘખાન અને નસરતખને ગુજરાત પર ચડાઈ કરી. તેઓએ ગુજરાત સમગ્રને તથા અણહિલપુરને લૂંટયું. રાજા કર્ણ ભાગી ગયો અને દેવગઢમાં આશ્રય લીધો. રાજાની સ્ત્રીઓ, છોકરાં અને ખજાનો સર્વ મુસલમાનોના હાથમાં આવ્યું.

**17.3 મુસ્લિમ આક્રમણ** :

કર્ણદેવના સમય દરમાયન અલ્લાઊદ્દીન ખલજીની ફોજો ગુજરાત પર ચઢી આવી અને મુસ્લિમોની ગુજરાત પર સત્તા સ્થપાઈ તે સૌથી વધુ નોંધપાત્ર બનાવ ગણાવી શકાય. ઉલુઘખાન અને નસરતખાનની નેતાગીરી નીચે આવેલું મુસ્લિમ સૈન્ય મેવાડના માર્ગે આગળ વધ્યું. બનાસકાંઠા થઈને સૈન્ય મોડાસા આવ્યું. ત્યાંનો ઠાકોર યુદ્ધમાં મરાયો. માર્ગમાં સર્વત્ર કેર વાર્તાવતી મુસ્લિમ સેના પાલનપુર-મહેસાણાના રસ્તે પાટણ પહોંચી અને પાટણ કિલ્લાને ઘેરો ઘાલવામાં આવ્યો. મુસ્લિમોએ ગઢ મેળવ્યો, પરંતુ કર્ણદેવ ભાગી નીકળ્યો હતો. પાટણનો ખજાનો લૂંટયો અને ત્યાંની મુસ્લિમોની સત્તા સ્થપાઈ. સમગ્ર ગુજરાતમાં ત્રાસનું સામ્રાજ્ય ફેલાયું. પાટણમાં થાણું સ્થાપીને ઉલુઘખાન આશાપલ્લી પહોચ્યો અને ત્યાથી ધોળકા, ખંભાત અને સુરત વગેરે શહેરોને લૂંટવામાં આવ્યા અને ત્રાસ વર્તાવવામાં આવ્યો. ત્યાબાદ સૌરાષ્ટ્રની પણ એ જ હાલત થઈ. સોમનાથ પર પણ ચડાઈ કરવામાં આવી. સોમનાથનું રક્ષણ કરવાના નિષ્ફળ પ્રયાસો કરવામાં આવ્યા. મંદિરને લૂંટવામાં આવ્યું અને મૂર્તિના કટકા કરવામાં આવ્યા.

ઇ.સ. 1299માં આ ઉલ્કાપાત સર્જાયો. મુસ્લિમોને ગુજરાતમાં આમંત્રનાર માધવ સોમનાથ પાસેના દારુણ યુદ્ધમાં મરી ગયો હતો એમ મનાય છે.

**17.4 રાજકુટુંબનો કરૂણ અંજામ** :

કર્ણ નાસી ગયો પરંતુ તેની રાણી પકડાઈ ગઈ અને મુસ્લિમ તેને દિલ્હી લઈ ગયો. કર્ણે દેવગીરીમાં આશ્રય લીધો. દિવગીરીમાં યાદવરાજા રામચંદ્રનું રાજ્ય હતું. તે હકીકત છે. મુસ્લિમ ઇતિહાસકારોને આધારે 'કેમ્બ્રિજ હિસ્ટ્રી ઓફ ઈન્ડિયા'માં લખ્યું છે. કે રામચંદ્રના સામંત તરીકે નંદરબારમાં કિલ્લો બાંધીને કર્ણ અને નાની ઠકરાત પર રાજ્ય કરતો હતો. પરંતુ ત્યાં પણ ગુજરાતનાં સુબા આલમખાને ઇ.સ. 1306માં હુમલો કર્યો હતો. કર્ણે બે મહિના સુધી બચાવ કર્યો હતો. બીજી તરફ ઇ.સ. 1317માં રચાયેલા પ્રબંધમાં અલાઉદ્દીનના પ્રભાવથી કરણરાજ હારીને પરદેશમાં ગયો અને ત્યાં રખડી ને રંક માણસની માફક મૃત્યુ પામ્યો તેમ લખ્યું છે. ઉપરના ઉલ્લેખ પ્રમાણે તો આખરે કર્ણનો એ જ અંજામ આવ્યો હશે તેમ જણાય છે.

અમિરખુશરૂ નામના ફારસી કવિએ 'દેવલરાની ખીજરખાન' નામના ફારસી કાવ્યમાં મહંમદે કાલ્પનિક, પરંતુ થોડેક અંશે સંભવી શકે તેવી માહિતી આપી છે. આ કાવ્યના વર્ણનને આધારે એમ જાણવા મળે છે કે અલ્લાઉદ્દીનનો સેનાપતિ ઉલુઘખાન કર્ણદેવની રાણી કૌલાદેવીને દિલ્હી લઈ ગયો. આ કૌલાદેવી અલ્લાઉદ્દીનની માનીતી બેગમ બની અને તેની જ ઈચ્છાથી બાદશાહ અલ્લાઉદીન કર્ણદેવ પાસે તેની પુત્રી દેવળદેવીની માંગણી કરી. અસહાય અને નિરાશ્રિત એવા કર્ણદેવે દેવગિરિના સિંઘણ રાજાનો આશ્રય લીધો. અને તેના ભાઈ સાથે દેવગીરીને પરણાવવાની કબૂલાત આપી, પરંતુ દેવળદેવી મુસ્લિમ સૈનિકોના હાથમાં પકડાઈ ગઈ અને દિલ્હી લઈ જવામાં આવી. દિલ્હીમાં દેવળદેવી અને શાહજાદા ખિજરખાન વચ્ચે ગાઢ પ્રણય થયો અને આખરે તેઓ બને લગ્નગ્રંથિથી જોડાયાં. આમિર ખુશરૂના આ કાવ્યમાં ઐતિહાસિક માહિતી કરતાં રોમાંચક અને કલ્પના પૂર્ણ પ્રસંગો પ્રમાણમાં વધુ છે તે નિઃશંક છે.

**17.5 દેવળદેવી-ખીજરખાન** :

બીજી તરફ અમીર ખુશરૂનો જ સમકાલીન કવિ ઇસ્લામી કાઇક જુદી કહાની રજૂ કરે છે. તેના નોંધવા પ્રમાણે ગુજરાતમાંથી મુસ્લિમ ફોજના પ્રત્યાગમન બાદ કર્ણ પાટણમાં પાછો ફર્યો હતો અને અલ્લાઉદ્દીને જ્યારે બીજી ફોજ મોકલી ત્યારે હારીને તે દેવગિરી ગયો, પરંતુ ત્યાં આશ્રય ન મળતાં તેને તૈલંગણના સામન્તોનો આશ્રય લીધો. આ દરમાયન તેની રાણીઓ તથા કુંવરીઓ મુસ્લિમ સૈન્યના હાથમાં ઝડપાઇ ગયા અને તેમણે દિલ્હી મોકલવામાં આવ્યાં. આ કુંવરીઓમાં દેવળદેવી પણ હતી. આ કહાણીનો ત્યાર પછીનો અહેવાલ અમીરખુશરૂના વર્ણનમાં મળતો જ છે.

આ બનાવ પછી લગભગ આઠ વર્ષે ઝીયાઉદ્દીન બની નામના એક નોંધકારે 'તારીખે ફિરોઝશાહ' લખ્યું. તેમાં જણાવ્યા પ્રમાણે કર્ણ દેવગિરિ તરફ નાસી ગયો હતો અને તેની પત્નીઓ તથા

કુંવરીઓ મુસ્લિમના હાથમાં આવ્યાં, જે સર્વને દિલ્હી લઈ જવામાં આવ્યા. બર્નીની નોંધમાં કોઈ સ્ત્રીનું નામ નથી કે નથી તેમને લગતી અન્ય કોઈ બાબતો.

ત્યાર પછીના તવારીખકારોમાં નિઝમુદિન દેવળદેવીનો માત્ર નામનિર્દેશ કરે છે, જ્યારે બદાયુંનીએ અમીર ખુશરૂ દ્વારા રજૂ કરવામાં આવેલી પ્રણયકથા નિરૂપિ છે. આમ છતાં, ઈસામી, નિજામુદિન કે બદાયુની એમાંથી કોઈએ પણ કૌલાદેવીનો ઉલ્લેખ કર્યો નથી. તે બાબત સૂચક છે.

ત્યારબાદ લખવામાં આવેલા 'તારીખે' 'ફરિસ્તા'માં સર્વ બાબતને સાંકળી લેવામાં આવી છે અને વાર્તાને આગળ વધારવામાં આવી છે. અમીર ખુશરૂના કાવ્યને લાગેવળગે છે ત્યાં સુધી તે ખીજરખાનના મૃત્યુ સાથે સમાપ્ત થાય છે. પરંતુ ત્યાર પછીના લેખકો જણાવે છે કે ખીજરખાનના અવસાન બાદ દેવળદેવીને કુત્બુદ્દીનના જનાનખાનામાં દાખલ કરવામાં આવી અને કુત્બુદ્દીનના ખૂન પછી ખુશરોખાને એની બેગમને પોતાના જનાનખાનમાં લીધી એવો અસ્પષ્ટ અને મોંધમ ઉલ્લેખ હોવા છતાં તે દેવળદેવીને લાગુ પડે છે એમ મનાય છે.

હિન્દુ લેખકોમાં માત્ર કવિ પદ્મનાભ કર્ણદેવની રાણી પગપાળા નાસી છૂટી તેટલું નોંધે છે. તે સિવાય બીજો કોઈ ઉલ્લેખ પ્રાપ્ત થતો નથી. દેવળદેવીના પ્રણય પ્રકરણના આ આલેખન વિશે વિદ્વાનોમાં ઘણા મતભેદો પ્રવર્તે છે. એ સ્પષ્ટ છે કે આ સમગ્ર વૃત્તાંતમાં કલ્પનાનું તત્વ મોટા પ્રમાણમાં છે. શ્રી બાબુ ગુપ્તે, શ્રી રમણલાલ મોદી અને શ્રી દુર્ગાશંકર શાસ્ત્રી આ કથાને માત્ર કલ્પનાપૂર્ણ અહેવાલ જ માને છે, જ્યારે બીજી તરફ વિદ્વાનોનો એક વર્ગ એમ પણ માને છે ક આ વાતમાં કાઇ તથ્ય નથી તે માન્યતા પણ ખોટી છે. ડો. હરિપ્રસાદ શાસ્ત્રી આ વિષયમાં દલીલ કરતાં કહે છે કે અમીર ખુશરૂ જેવો દિલ્હીમાં રહેલો સમકાલીન કવિ ખિજરખાનની પ્રેયસી તરીકે વાઘેલા રાજા કર્ણદેવની પુત્રી દેવળદેવીનું પાત્ર રજૂ કરે તો સંપૂર્ણપણે કાલ્પનિક કેવી રીતે હોય શકે ? ઈસામી, નિજામુદીન, બદાયુની આ સર્વ લેખકો પણ દેવળદેવીનો ઉલ્લેખ કરે છે. વળી કર્ણદેવની રાણીઓ અને કુંવારીઓ મુસ્લિમ સૈન્યના હાથે કેદ પકડાઈ હતી તે પણ અને ઉલ્લેખોને આધારે સાબિત થાય છે અને એમાથી મોટી રાની કૌલાદેવીને અલાઉદ્દીન સાથે અને દેવળદેવીને ખિજરખાન સાથે લગ્ન કરવાનું ફરજ પડી હોય તે સંભવ તો નથી ! આમ ઐતિહાસિક હકીકતને કલ્પનાના રંગે નિરૂપીને એક રસિક અને રોમાંચક કાવ્ય રચવાનો જ કવિનો ઇરાદો હશે, પરંતુ તેનાથી તેનું ઐતિહાસિક તથ્ય નાશ પામતું નથી.

### 17.6 મુસ્લિમોની સત્તા :

આમ ગુજરાતની સ્વતંત્રતાનો, તેની અસ્મિતાનો, તેની સ્મૃદ્ધિનો અને તેના ગૌરવનો અંત આવ્યો. મુસ્લિમોએ ગુજરાત પર વિજય મેળવ્યો. આ વિજય તેઓ સહેલાઇથી મેળવી શકયા હોય તેમ લાગતું નથી. સૈકાઓથી મુસ્લિમો ભારતના વિવિધ ભાગો પર આક્રમણો કરી રહ્યા હતા ને ગુજરાતે આ પહેલા પણ તેમના અનેક આક્રમણો અનુભવ્યા હતા, પરંતુ આ આક્રમણને પરિણામે મુસ્લિમોએ જ્યારે વિજય મેળવ્યો ત્યારે તેમણે લગભગ સમગ્ર ઉત્તર, પૂર્વ એ પશ્ચિમ હિન્દ તાબે કર્યું હતું અને દક્ષિણ તરફ તેઓ ઝડપથી આગળ વધી રહ્યા હતા. થોડા જ સમયમાં

સમગ્ર હિંદ તેમના તાબા નીચે આવવાનું હતું. રાજપૂતો પરના તેમના વિજયનું મુખ્ય કારણ તેમની ઉત્તમ વયવસ્થા અને સંગઠન હતું. અંદરોઅંદર લડીને હિંદભરના રાજપૂત રાજ્યો નિર્બળ બની ગયા હતા. યુદ્ધકુશળ મનુષ્યબળ પણ ઘટી ગયું હતું. બાકી શૌર્ય, હિમત, ધર્મ અને રાજ્ય ભક્તિની દ્રષ્ટિએ રાજપુતો મુસ્લિમો કરતાં કોઈ પણ રીતે ઉતરતા ન હતા.

**17.7 ગુજરાતમાં સોલંકી સત્તાના પતનનાં કારણો** :

- ભારતમાં મુગલ સત્તાના પતન માટે જે રીતે મુખ્યત્વે ઔરંગઝેબ જવાબદાર હતો, તે રીતે ગુજરાતમાં સોલંકી વાઘેલા સત્તાના પતન માટે મુખ્યત્વે તેનો અંતિમ રાજા કર્ણ વાઘેલા જવાબદાર હતો. પ્રબંધ સાહિત્ય ખાસ કરીને પદ્મનાભ કૃત 'કાન્હદેવ પ્રબંધ'ના જણાવ્યા પ્રમાણે કર્ણ વાઘેલા ભારે કામી અને ક્રોધી હતો. તેને પોતાના નાગર પ્રધાન માધવ અથવા તેના ભાઈની પત્ની સાથે દુર્વ્યવ્યવહાર કર્યો. તેનાથી માધવે (મુસ્લિમ અલ્લાઊદ્દીન ખીલજીના) લશ્કરને ગુજરાત પર આક્રમણ કરવા પ્રેરીને ગુજરાતનો નાશ કરાવ્યો (1304). ગુજરાતનાં સોલંકી સત્તાના પતનનું આ મુખ્ય કારણ હોવા છતાંય તેના પતન માટેનાં અન્ય કારણો પણ હતાં.
- સોલંકી રાજાઓના માળવા, અજમેર, નડૂલ, મેવાડ, કર્ણાટક, લાટ, સોરઠ વગેરે સાથેનાં સતત યુદ્ધોએ તેમણે નિર્બળ બનાવ્યા. તેમાં તેમની હાર-જીતને સોલંકી વહીવટતંત્ર, અર્થવ્યવસ્થા તથા લશ્કરી તંત્ર પર વિપરીત અસર કરી.
- સિદ્ધરાજ તથા કુમારપાળ પછીના મોટાભાગના સોલંકી-વાઘેલા રાજાઓ (ઇ.સ. 1173 થી 1304) સિદ્ધરાજ તથા કુમારપાળે વિસ્તારેલ સોલંકી રાજ્યને સાચવવામાં નિષ્ફળ નીવડ્યા. ભીમદેવ બીજાનો 64 વર્ષનો દીર્ઘ શાસનકાળ (ઇ.સ. 1178 થી 1242) એ સોલંકી રાજયના વિલીનીકરણનો સમય હતો. ભીમદેવ બીજાને પૃથ્વીરાજ ચૌહાણ તથા કુત્બુદ્દીન ઐબકને હાથે પરાજય સાંપડ્યો હતો. તેને માધવના રાજાને પણ હરાવ્યો હતો. ભીમદેવની આવી નિષ્ફળતાઓને કારણે તેના એક માંડલિક જયસિંહ ભીમદેવને ગાદી પરથી ઉઠાડી મૂકીને તેની ગાદી પચાવી પાડી હતી, જે તેને ધોળકાના માંડલિક ધવલ પ્રસાદની સહાયથી પાછી મેળવી હતી, પરંતુ આનાથી સોલંકી સત્તાના વિભાજનની શરૂઆત થઈ. લવણપ્રસાદ તથા તેનો પુત્ર વીરધવલે પ્રથમ પાટણના રાજવીના માંડલિકો તરીકે અને બીજા ધોળકાના સ્વતંત્ર રાજો તરીકે પોતાની સત્તાનો વિસ્તાર કરીને તેમના મંત્રીઓ વસ્તુપાલ તથા તેજપાલની સહાયથી થોડો સમય ગુજરાતની અસ્મિતા જાળવી રાખી-પરંતુ તેનાથી સોલંકી સત્તાનું વિભાજન થયું અને મુસ્લિમો ગુજરાત પરના આક્રમણનો માર્ગ મોકળો થયો. આના અનુસંધાનમાં આ સમય દરમિયાન દિલ્હીના સુલતાન (1211-1235) ઇલ્તુત્મિશના કોઈ સરદારે કે સિંધના કોઈ અમિરે ગુજરાત પર આક્રમણ કરીને ભારે લૂંટ મેળવી હતી.

વળી, દિલ્હી સુલતાન બલ્લાલ સમય (ઇ.સ. 1266-1286) દરમિયાન તેના સૈન્ય તેમજ મોંગલોના આક્રમનોએ રાજપૂતાના તથા ગુજરાતને નિર્બળ બનાવ્યા, જોકે મેવાડ તથા ગુજરાતનાં રાજવીઓએ મુસ્લિમ તથા મોંગલ આક્રમનોને પાછા હઠાવ્યા હતા, તો પણ મુસ્લિમ

શાસકો આ હકીકતથી રાજપૂતાના રાજપુતો તથા ગુજરાતનાં સોલંકીઓની નિર્બળતાં પારખી ગયા. મુસ્લિમ આક્રમણોની પરાકાષ્ટા અલ્લાઉદ્દીન ખીલજીના સૈન્યના ગુજરાત પરના 1300 થી 1304 વચ્ચેના આક્રમણોથી થઈ, જેમાં છેવટે ગુજરાતમાંથી સોલંકી સત્તાનો અસ્ત થયો.

અન્ય રાજપૂત રાજાઓની માફક ગુજરાતનાં સોલંકી રાજાઓ પણ ઉદાર, સહિષ્ણુ તથા દાનેશ્વરી હતા. તેમણે દાનપુણ્યના ઘણાં કાર્યો તથા મંદિરો અને ધર્મસ્થાનો બંધાવ્યા કે જુનાં ધર્મસ્થાનોનો જીર્ણોદ્ધાર કર્યો. આમાં તેઓએ સારા એવા ધનનો ખર્ચ કર્યો, પરંતુ તેની સાથે તેઓએ પોતાની લશ્કરી પદ્ધતિ સુધારવાના જૂના શાસ્ત્રોને બદલે દારૂગોળા, બંદૂક વગેરેનો વિશેષ ઉપયોગ કરવાના, લશ્કરી સંગઠનો સાધવાના કે લશ્કરી ટેકનિક સુધારવાના કોઈ ઉપાયો કર્યા નહિ. આ હકીકત તેમણે સૂઝી નથી. આમ તેમનામા બહાદુરી ખૂબ હતી, પરંતુ બાહોશી કુશળતાનો અભાવ હતો. વળી ટીમના નાગર કે વણિક મંત્રીઓએ રાજ્યોનાઓ ખૂબ જ કુશળતા પૂર્વક વહીવટ કર્યો તથા રાજ્યની અનેક આફતોમાથી અવારનવાર રક્ષા કરી પરંતુ તેમને પણ લશ્કરી શિસ્ત, પદ્ધતિ, સાધનો વગેરેમાં પરીવર્તન કરવાનું કે સુધારવાનું સૂજયું નથી. પરિણામે આક્રમણખોરો સામે અન્ય રાજપૂત રાજયોની માફક સોલંકી રાજાઓનો પણ પરાભવ થયો; જોકે સોલંકીઓ ગુજરાતને એક ભવ્ય સંસ્કૃતિનો વારસો આપતા ગયા.

❖ **તમારી પ્રગતિ ચકાસો** :

1 સોલંકી વાઘેલાવંશના પતન માટે કયો રાજા જવાબદાર હતો ?
2 સોલંકી વંશના ગુજરાતમાં કર્ણઘેલો તરીકે કયા રાજાને ઓળખવામાં આવે છે?
3 ગુજરાતના અંત્તિમ સોલંકી રાજાનું નામ આપો ?
4 માધવ કૌન હતો ?
5 ગુજરાત પર કયા મુસ્લિમ બાદશાહએ આક્રમણ કરાવ્યું?
6 કવિ પ્દ્મ`પદ્મનાભ પુસ્તકનું નામ જણાવો ?
7 અલ્લાઉદીન ખીલજીના ગુજરાત પર આક્રમણ કરનાર બે સેનાપતિના નામ આપો?
8 સોલંકી વંશના કયા કયા શહેરોમાં અલ્લાઉદીન ખીલજીના સરદારોએ લુંટ ચલાવી ?
9 કયા ફારસી કવિએ દેવળ રાણી ખિઝરખાન કાવ્ય લખ્યું છે ?
10 કર્ણદેવ વાઘેલાએ કયા રાજ્યમાં આશ્રય લીધો હતો ?
11 કર્ણદેવની પત્નીનું નામ શું હતું ?
12 કર્ણદેવની પુત્રીનું નામ શું હતું ?
13 તારીખે ફીરોઝશાહીની રચના કૌણે કરી છે ?
14 કર્ણદેવ અને માધવ તેમજ ગુજરાત પરના આક્રમણ વિશે કયા કયા મુસ્લિમ લેખકોએ આ પ્રસંગ વિશે નોધ કરી છે ?

## 17.8 સમાપન - ગુજરાતની અસ્મિતાનો અંત :

પલટતાના સમય અને પલટાતી પરિસ્થિતિ સામે પલટો ન પામી શકનાર વ્યક્તિ, જાતિ કે દેશ ઉન્નત રીતે જીવી શકતો નથી. પ્રગતિ માનવજીવનનો મહામંત્ર છે. જ્યાં સ્થિરતા અને જડતા આવે છે ત્યાં સમૃદ્ધિ, અસ્મિતા અને ગૌરવને માટે સ્થાન જોઈ શકે નહીં. પ્રગતિ અટકાવવાથી

ગુજરાતનો ભવ્ય અને ગૌરવવંતો યુગ સ્વપ્ન સમો બની ગયો. અણહિલપુર અને વલભીના જાહોજહાલી માત્ર વાર્તાઓ પૂરતી જ ટકી રહી. ગુર્જરોની શૌર્યગાથા એ માત્ર ભવ્ય ભૂતકાળના સંભારણા સમી જ બની ગઈ અને ધીમે ધીમે ગુજરાતનું ચૈતન્ય હણાઈ ગયું.

**17.9 તમારી પ્રગતિ ચકાસોના જવાબો** :

1 કર્ણદેવ વાઘેલા
2 કર્ણદેવ વાઘેલા
3 રાજા કર્ણદેવ
4 માધવ નાગર બ્રામણ હતો તે કર્નાદેવનો મહાઅમાત્ય(મંત્રી/પ્રધાન) હતો.
5 અલ્લાઉદ્દીન ખીલજી
6 કન્હાડે પ્રબંધ કવિ પધમનાભનું પુસ્તક હતું.
7 ઉલ્લુઘખાન અને નસરતખાન
8 પાટણ, આશાપલ્લી, ધોળકા, ખંભાત, સોમનાથ
9 અમીર ખુશરો
10 દેવગીરીના સિંઘન રાજા
11 કોલાહદેવી
12 દેવલ દેવી
13 ઝીયાઉદ્દીન બરની
14 ઝીયાઉદ્દીન બરની, નિઝામઉદ્દીન બરની, બદાયુની, ઈશામી

**17.10 ચાવીરૂપ શબ્દો** :

- કરણઘેલો : કર્ણદેવ વાઘેલા કરણઘેલો તરીકે ઓળખાય છે
- મહાઅમાત્ય : મંત્રી / પ્રધાન
- દેવળ રાણી ખિઝરખાન : અમીર ખુશરોનું ફારસી કાવ્ય
- દેવગીરી : કર્ણદેવ વાઘેલા સમયનું રાજય
- કન્હાડે પ્રબંધ : કવિ પદ્મમનાભનું પુસ્તક
- ‘તારીખે’ ફરિસ્તા’ : અમીર ખુશરોનું લગતું કાવ્ય

**17.11 સંદર્ભ સૂચિ :**

1. શાસ્ત્રી હરિપ્રસાદ વી. : ગુજરાતનો પ્રાચીન ઈતિહાસ.
2. જોષી ઉમાશંકર : પુરાણોમાં ગુજરાત.
3. પરીખ રસિકલાલ સી. : ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઇતિહાસ ગ્રંથ – ૧ થી ૪.
4. શાસ્ત્રી હરિપ્રસાદ વી. : મૈત્રકાલીન ગુજરાત ૧-૨.
5. આચાર્ય ન. આ. : ગુજરાતનો સોલંકીકાલીન ઇતિહાસ.

6. શાસ્ત્રી દુર્ગાશંકર કે. : ગુજરાતનો મધ્યકાલીન રાજપૂત ઇતિહાસ ભાગ ન. 2.
7. આચાર્ય ન. આ. : ગુજરાતના ચાવડા રાજ્યનો ઇતિહાસ.
8. આચાર્ય ન. આ. : ગુજરાતનો સાંસ્કૃતિક વારસો.
9. MAJUMUDAR A. K. : CHALUKYAS AT GUJARAT.
10. FORBES A. K. : RASMALA
11. RAY N. R. : MATIRAKAS OF VALABHI.
12. JAGANNATH : EARLY HISTORY OF THE MAITRAKAS OF GUJRAT.
13. મુનશી કનૈયાલાલ માણેકલાલ : ગુજરાતની કીર્તિ-ગાથા.
14. શાહ ખી. ચાં., વાયડા ર. લ. : ભારતનો સાંસ્કૃતીક ઇતિહાસ.
15. મહેતા કુંજવિહારી, શુક્લ રમેશ એમ. : ગુજરાતનું સંસ્કૃતિ-દર્શન.
16. પરીખ રસિકલાલ સી. : ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઇતિહાસ ગ્રંથ – 4 (સોલંકીકાલ).
17. શાસ્ત્રી હરિપ્રસાદ વી. : ગુજરાતનો ઇતિહાસ.
18. ગુજરાતનો ઇતિહાસ : પોપ્યુલર પ્રકાશન.

BAOU
Education
for All

## યુનિવર્સિટી ગીત

સ્વાધ્યાયઃ પરમં તપઃ
સ્વાધ્યાયઃ પરમં તપઃ
સ્વાધ્યાયઃ પરમં તપઃ

શિક્ષણ, સંસ્કૃતિ, સદ્‌ભાવ, દિવ્યબોધનું ધામ
ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી નામ;
સૌને સૌની પાંખ મળે, ને સૌને સૌનું આભ,
દશે દિશામાં સ્મિત વહે હો દશે દિશે શુભ-લાભ.

અભણ રહી અજ્ઞાનના શાને, અંધકારને પીવો ?
કહે બુદ્ધ આંબેડકર કહે, તું થા તારો દીવો;
શારદીય અજવાળા પહોંચ્યાં ગુર્જર ગામે ગામ
ધ્રુવ તારકની જેમ ઝળહળે એકલવ્યની શાન.

સરસ્વતીના મયૂર તમારે ફળિયે આવી ગહેકે
અંધકારને હડસેલીને ઉજાસના ફૂલ મહેંકે;
બંધન નહીં કો સ્થાન સમયના જવું ન ઘરથી દૂર
ઘર આવી મા હરે શારદા દૈન્ય તિમિરના પૂર.

સંસ્કારોની સુગંધ મહેંકે, મન મંદિરને ધામે
સુખની ટપાલ પહોંચે સૌને પોતાને સરનામે;
સમાજ કેરે દરિયે હાંકી શિક્ષણ કેરું વહાણ,
આવો કરીયે આપણ સૌ
ભવ્ય રાષ્ટ્ર નિર્માણ...
દિવ્ય રાષ્ટ્ર નિર્માણ...
ભવ્ય રાષ્ટ્ર નિર્માણ

**DR. BABASAHEB AMBEDKAR OPEN UNIVERSITY**
(Established by Government of Gujarat)
'Jyotirmay' Parisar,
Sarkhej-Gandhinagar Highway, Chharodi, Ahmedabad-382 481
**Website : www.baou.edu.in**

978-93-89909-07-4